RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 191* Date: 09.05.2022 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

આગામી ત્રણથી ચાર દિવસમાં બિહાર, ઝારખંડ અને ઓડિશાના ભાગોમાં વરસાદ અને તીવ્ર પવનની અપેક્ષા

અસાની' ચક્રવાત બંગાળની ખાડીમાં પહોંચ્યો:ઓડિશા-બંગાળમાં ભારે વરસાદની ચેતવણી

નવીદિલ્હી,તા.૮

બંગાળની ખાડીમાં આવેલું તોફાન આજે રવિવારે ચક્રવાતમાં પરિણમ્યું હતું, જેની ઝડપ ૭૫ કિલોમીટર પ્રતિ કલાકથી વધુ રહી હતી. હવામાન વિભાગે કહ્યું છે કે 'આસાની' નામનું ચક્રવાતી તોફાન આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. જો કે, દરિયાકાંઠાના વિસ્તારને અથડાયા વિના ચક્રવાત આવતા સપ્તાહ સુધીમાં નબળું પડી શકે છે. હવામાન કચેરીએ જણાવ્યું કે ચક્રવાતની અસરને કારણે ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે ભારે પવન અને વરસાદની સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગે રવિવારે જારી કરેલા બુલેટિનમાં જણાવ્યું હતું કે વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી શકે છે અને આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાતી તોફાનમાં વધુ તીવ્ર બને છે. આઈએમડી દ્વારા ચક્રવાતની આગાહી મુજબ, ચક્રવાત ૧૦ મેની સાંજ સુધીમાં ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની અને ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે પશ્ચિમ-મધ્ય અને બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમ કિનારે પહોંચવાની સંભાવના છે. ત્યારપછી, તે ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ વળે અને ઓડિશાના કિનારે ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પ્રદેશ તરફ આગળ વધે તેવી શક્યતા છે.

આઈએમડી અનુસાર, ચક્રવાત સોમવારે બંગાળની ખાડીમાં ૧૧૧ કિમી પ્રતિકલાકની ઝડપે આગળ વધવાની ધારણા છે. ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠા તરફ આગળ વધવા સાથે મંગળવારથી ગંભીર ચક્રવાતી તોફાન ધીમે ધીમે નબળું પડવાની ધારણા છે. આઈએમડીએ જણાવ્યું કે મંગળવારથી ઓડિશાના દરિયાકાંઠાના જિલ્લાઓ અને પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા સહિત રાજ્યના દક્ષિણ ભાગમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓડિશાના દરિયાકાંઠે દરિયાની સ્થિતિ ૯ મેના રોજ ખરબચડી અને ૧૦ મેના રોજ ખૂબ જ ખરબચડી બની જશે. ૧૦ મેના રોજ દરિયામાં પવનની ઝડપ વધીને ૮૦ થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાક થવાની સંભાવના છે. હવામાન વિભાગના કાર્યાલયના જણાવ્યા અનુસાર ચક્રવાતી તોફાનનું નામ 'આસાની' રાખવામાં આવ્યું છે, જે 'ક્રોધ' માટે સિંહલી શબ્દ છે. આ તોફાન આંદામાન ટાપુઓમાં પોર્ટ બ્લેરથી ૩૮૦ કિમી પશ્ચિમમાં બંગાળની ખાડીના દક્ષિણપૂર્વ વિસ્તારમાં કેન્દ્રિત છે. બીજી તરફ, તોફાનને ધ્યાનમાં રાખીને, માછીમારોને ૧૦ મેથી આગામી સૂચના સુધી સમુદ્ર અને પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દરિયાકાંઠે સાહસ ન કરવાની સલાહ આપવામાં આવી છે.બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાન આસાનીએ જોર પકડ્યું,આગામી ૨૪ કલાકમાં આંધ્ર અને ઓરીસ્સા રાજ્યો અસર થશે જેની ઝડપ ૭૫ કિલોમીટર પ્રતિ કલાકથી પણ વધારે છે. વાવાઝોડાંની અસરના કારણે ઉત્તરી આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે મંગળવારથી ભારે પવન અને વરસાદની શક્યતા સેવાઇ રહી છે. હવામાન વિભાગએ જણાવ્યું કે, 'વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી શકે છે અને આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થઇને તે વધારે તીવ્ર બની શકે છેઆઇએમડીના જણાવ્યાં અનુસાર, વાવાઝોડું સોમવારે બંગાળની ખાડીમાં ૬૦ સમુદ્રી માઇલની ઝડપે આગળ વધવાનું અનુમાન છે. ઉત્તરી આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠા તરફ આગળ વધવા સાથે મંગળવારથી ગંભીર ચક્રવાતી તોફાન ધીમે-ધીમે નબળું પડવાનું અનુમાન છે. મંગળવારથી ઓડિશાના દરિયાકાંઠાના જિલ્લાઓ અને પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા સહિત રાજ્યના દક્ષિણ ભાગમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

ખાડી ઉપર ઉચ્ચ દબાણનું ક્ષેત્ર ચક્રવાત 'અસાની'માં તબદીલ થઈ ચૂક્યું છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ ચક્રવાત મોડી સાંજ સુધીમાં પોતાની અસર દેખાડશે. જે ઉત્તર-પશ્ચિમ તરફ વધશે અને ૨૪ કલાકમાં પૂર્વ-મધ્યમાં ભીષણ ચક્રવાતી તોફાનમાં બદલાય તેવી સંભાવના છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ઉમાશંકર દાસે જણાવ્યું કે, ચક્રવાત 'અસાની'

ઉત્તર-પશ્ચિમ દિશામાં ૧૬ કિમી પ્રતિ કલાકની ગતિએ આગળ વધી રહ્યું છે. જે વિશાખાપટ્ટનમથી દક્ષિણ-પૂર્વ દિશામાં ૯૭૦ કિમી અને પુરીથી દક્ષિણ-પૂર્વ દિશામાં ૧૦૨૦ કિમી દૂર છે. તેમણે આગળ જણાવ્યું કે, ૧૦ મેના રોજ સાંજ સુધીમાં ઉત્તર- પશ્ચિમ દિશામાં આગળ વધશે અને ઓરિસ્સા તટની સમાનાંતર આગળ વધશે. ઓરિસ્સાના ત્રણ જિલ્લા ગજપતિ, ગંજમ અને પુરી માટે વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૧૧ મેના રોજ પાંચ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે.હવામાન વિભાગ તરફથી આ તમામ રાજ્યો માટે એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ઝારખંડ સહિત વાવાઝોડું અસાનીની અસર ઓરિસ્સા ઉપરાંત બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, આંધ્ર પ્રદેશ સહિતના કેટલાક રાજ્યોમાં જોવા મળી શકે છે.

દેશમાં કોરોનાના કેસમાં વધઘટ સાથે એક જ દિવસમાં ૩,૪૫૧ કેસ નોંધાયા

,નવીદિલ્હી,તા.૮

દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઇ રહ્યો છે, ગઈકાલની સરખામણીમાં રવિવારે કોરોનાના તાજા કેસોમાં થોડો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના સંક્રમણના ૩,૪૫૧ નવા કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે શનિવારે દેશમાં ૩,૮૦૫ નવા કેસ નોંધાયા છે. આજના તાજા કેસો ગઈકાલ કરતા ૯ ટકા ઓછા છે. ગઈકાલે મૃત્યુઆંક ૨૨ હતો, જ્યારે આજના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના મૃત્યુઆંકમાં વધુ ૪૦ મોતનો ઉમેરો થયો છે. જો આપણે એક્ટિવ કેસની વાત કરીએ, તો સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, હાલમાં ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૦,૬૩૫ છે. સક્રિય કેસોનો દર ૦.૦૫% પર ચાલી રહ્યો છે. તે જ સમયે, રિકવરી રેટ ૯૮.૭૪% છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩,૦૭૯ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. રોગચાળાની શરૂઆતથી, દેશમાં અત્યાર સુધીમાં ૪,૨૫,૫૭,૪૯૫ લોકો કોવિડમાંથી સ્વસ્થ થયા છે.જો આપણે ચેપ દર પર નજર કરીએ, તો હાલમાં દૈનિક હકારાત્મકતા દર ૦.૯૬% પર ચાલી રહ્યો છે. તે જ સમયે, સામાહિક હકારાત્મકતા દર ૦.૮૩% પર છે. ભારતમાં જ્યાં અત્યાર સુધીમાં કુલ ૮૪.૦૬ કરોડ કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે, ત્યાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૩,૬૦,૬૧૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધીમાં કુલ ૧૯૦.૨૦ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

ભારતનાં માર્ગે પાકિસ્તાન, કોવિડ-૧૯થી મૃત્યુઆંક અંગે ડબ્લ્યુએચઓના અહેવાલને નકારી કાઢ્યો

ઇસ્લામાબાદ,તા.૮

પાકિસ્તાન સરકારે દેશમાં કોવિડ-૧૯ને કારણે થયેલા મૃત્યુની સંખ્યા અંગે વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલને ફગાવી દીધો છે. પાકિસ્તાન સરકારે ડેટા એકત્રિત કરવા માટે યુએન બોડીની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે મૃતકોની સંખ્યા એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતા સોફ્ટવેરમાં ભૂલની આશંકા વ્યક્ત કરી છે.તાજેતરના ડબ્લ્યુએચઓના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાનમાં કોવિડ-૧૯થી ૨,૬૦,૦૦૦ લોકોના મોત થયા છે, પરંતુ સત્તાવાર આંકડાઓ અનુસાર પાકિસ્તાનમાં મૃત્યુઆંક ૩૦,૩૬૯ હતો.સ્વાસ્થ્ય મંત્રી અબ્દુલ કાદિર પટેલને ટાંકીને એક સમાચારમાં કહ્યું, "અમે કોવિડને કારણે થયેલા મૃત્યુ અંગે 'મેન્યુઅલી' ડેટા એકત્ર કરી રહ્યા છીએ, તેમાં થોડો તફાવત હોઈ શકે છે પરંતુ તે લાખોની સંખ્યામાં નથી. તે શક્ય છે. તે સંપૂર્ણપણે પાયાવિહોણું છે.

ડબ્લ્યુએચઓએ ગુરુવારે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં લગભગ ૧૫ મિલિયન લોકો મૃત્યુ પામ્યા છે કાં તો કોરોનાવાયરસ ચેપ અથવા આરોગ્ય પ્રણાલી પર તેની અસરથી, મોટાભાગના મૃત્યુ દક્ષિણપૂર્વ એશિયા, યુરોપ અને અમેરિકામાં થયા છે. પટેલે કહ્યું કે, સરકારે વર્લ્ડ હેલ્થ બોડીના આંકડાને નકારી કાઢ્યા છે અને ગણતરીની પ્રક્રિયા વિશે જણાવ્યું છે.

આઝન ખાનને લઈ કોંગ્રેસ નેતાએ પોસ્ટર જારી કર્યું,સાહેબ કોંગ્રેસમાં આવો તમારૂ સ્વાગત છે

લખનૌ,તા.૮

સીતાપુર જેલમાં બંધ સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનની અખિલેશ યાદવથી નારાજગીના અહેવાલો વચ્ચે જ્યાં તેમના સમર્થક સપાથી રાજીનામા આપી રહ્યાં છે ત્યાં કોંગ્રેસ પાર્ટી આઝમ ખાનને પોતાના પાલામાં લાવવા માટે પુરી રીતે બેચેન નજરે આવી રહી છે રમઝાન દરમિયાન કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રમોદ કૃષ્ણમે જ્યાં સીતાપુર જેલમાં જઈ આઝમ ખાનની તબિયત પુછી અને તેમને ભગવત ગીતા ભેટ કરી હતી ત્યારે પ્રયાગરાજના કોંગ્રેસી નેતા ઈરશાહ ઉલ્લાએ કોંગ્રેસ મહામંત્રી પ્રિયંકા ગાંધીના ફોટાની સાછે આઝમ ખાનનું પોસ્ટર જારી કરી કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું છે.

ખાસ વાત એ છે કે જારી કરવામાં આવેલા પોસ્ટરમાં કોંગ્રેસ મહામંત્રી પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રમોદ કૃષ્ણમની સાથે જ પૂર્વ પ્રદેશ પ્રવકતા બાબા અભય અવસ્થી અને આઝમ ખાનની તસવીર લગાવવામાં આવી છે કોંગ્રેસ નેતા દ્વારા જારી કરવામાં આવેલ પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે માનનીય આઝમ ખાન સાહેબ કોંગ્રેસ પાર્ટીમાં આવો તમારૂ સ્વાગત છે કોંગ્રેસ નેતા દ્વારા જારી કરવામાં આવેલા પોસ્ટર બાદ રાજકીય ગરમાવો આવ્યો છે. કારણ કે તાજેતરમાં પ્રમોદ કૃષ્ણમની આઝમ ખાનથી જેલમાં મુલાકાત અને ત્યારબાદ હવે કોંગ્રેસ નેતાના પોસ્ટર જારી કરવાથી આઝામ ખાનના કોંગ્રેસ પાર્ટીમાં જવાના સંકેતોને બળ મળી રહ્યું છે.પોસ્ટર જારી કરનાર કોંગ્રેસી નેતા ઈરશાદ ઉલ્લાએ કહ્યું કે સમાજવાદી પાર્ટીએ મુસલમાનોની સાથે ન્યાય કર્યો નથી ખાસ કરીને આઝમ ખાનના મામલામાં સપા કયાંય પણ તેમની સાથે નજરે પડી નથી તેમના ખરાબ સમયમાં સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે સાથ આપ્યો નહીં કોંગ્રેસ નેતાએ કહ્યું કે આઝમ ખાનના કારણે જ પ્રદેશભરના મુસલમાનોની મોટી જમાત સપા પાર્ટીની સાથે છે પરંતુ સપા અને તેના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ આઝમ ખાન અને મુસલમાનોની સાથે કયાં પણ ઉભેલા નજરે પડયા નથી કોંગ્રેસ નેતાએ કહ્યું કે આવી સ્થિતિમાં આઝમ ખાનની સાથે જ પ્રદેશભરના મુસલમાનોને હવે એ સમજવું જોઈએ કે મુસલમાનોની યોગ્ય જગ્યા કોંગ્રેસ પાર્ટીમાં જ છે.

ભીલવાડામાં તનાવ ઉભો કરવાનું કાવતરૂ હતું,૧૦ યુવકોએ ત્રણ ટીમો બનાવી હુમલો કર્યો હતો.

ભિલવાડા,તા.૮

રાજસ્થાનના ભિલવાડા શહેરમાં સાંપ્રદાયિક તનાવ ફેલાવવા મોટું કાવતરૂ રચવામાં આવ્યું હતું પોલીસે આ કાવતરાનો ખુલાસો કર્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર સોશલ મીડિયા પર ઉશ્કેરણીજનક સામગ્રી જોઈ ભિલવાડામાં ૧૦ હિન્દુ યુવકોએ ત્રણ જુથ બનાવી બે જગ્યાઓ પર મુસલમાનો પર હુમલો કર્યો હતો.

ભિલવાડામાં તનાવને લઈ પોલીસે કહ્યું કે ૧૦ હિન્દુઓએ ત્રણ જુથ બનાવ્યા હતાં ત્યારબાદ બે જગ્યા પર મુસલમાનો પર હુમલો કરવામાં આવ્યો હતો આ યુવકોએ સોશલ મીડિયા પર ઉશ્કેરણી સામગ્રી જોઇ મુસ્લિમો પર હુમલાનું કાવતરૂ રચ્યું હતું પોલીસે આ મામલામાં એક વ્યક્તિની ધરપકડ કરી છે.બાકીના ફરાર છે.

હકીકતમાં ભિલવાડા શહેરમાં સાંગાનેરમાં બુધવારે મોડી રાતે બે યુવકો પર અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો એટલું જ નહીં અહીં બાઇકને પણ આગને હવાલે કરી દીધી હતી ત્યારબાદ વિસ્તારમાં તનાવ ઉભો થયો હતો તેને જોતા પ્રશાસને વિસ્તારમાં ૨૪ કલાક માટે ઇંટરનેટ પર રોક લગાવી દીધી હતી.ભિલવાડા જીલ્લાના કલેકટર આશીષ મોદીએ કહ્યું કે હવે સ્થિતિ નિયંત્રણમાં છે ઇજા પામેલાઓની સ્થિતિ સ્થિર છે.જો કે શરૂઆતમાં કેટલાક લોકોએ હુમલાખોરોની ધરપકડની માંગને લઇને ઇજા પામેલાઓને હોસ્પિટલ લઇ જવાનો વિરોધ કર્યો હતો પરંતુ પોલીસ અને પ્રશાસનિક અધિકારીઓએ સમજાવી બંન્ને ઘાટલોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતાં સાંગાનેર કસ્બામાં વધારાની પોલીસ તહેનાત કરવામાં આવી હતી કલેકટરે કહ્યું કે પોલીસ આસપાસના લાગેલા સીસીટીવી ફુટેજને જોઇ રહી છે જેથી આરોપીઓની ઓળખ કરી તેમની ધરપકડ કરી શકાય એટલું જ નહીં તેમણે લોકોને શાંતિ અને પરસ્પર ભાઇચારો બનાવી રાખવાની પણ અપીલ કરી છે.

એ યાદ રહે કે ભિલવાડામાં તેવા સમયે તનાવ પેદા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જયારે તાજેતરમાં જોધપુર અને તેના પહેલા કરૌલીમાં હિંસા થઇ હતી તેના પહેલા ઇદ પર જોધપુરમાં ધાર્મિક ઝંડાને લઇ હિંસાની ઘટના સામે આવી હતી. કરૌલીમાં પણ આવી જ ઘટના બની હતી. આ ઘટનાઓ માટે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે ભાજપને જવાબદાર ઠેરવી હતી.

ભારત-પાકિસ્તાન બોર્ડર પર ડ્રોન દેખાયું, બીએસએફએ વિખેરી નાખ્યું

જમ્મુ,તા.૮

જમ્મુના અરનિયા સેક્ટરમાં શનિવારે સાંજે,બીએસએફએ ડ્રોનની ગતિવિધિ શોધી કાઢી હતી અને સતત ગોળીબાર કર્યા બાદ તેને પરત ફરવા માટે મજબૂર કર્યું હતું. બીએસએફના અધિકારીઓએ આ ઘટનાની માહિતી આપી છે. અધિકારીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલ ડ્રોનને ૭.૨૫ વાગ્યે અરનિયા વિસ્તારમાં ભારતીય બાજુથી બીએસએફના જવાનોએ જોયો હતો. ડ્રોન ભાગ્યે જ ઇન્ટરનેશનલ બોર્ડર ઓળંગ્યું હોવું જોઈએ, જયારે એલર્ટ બીએસએફ સૈનિકોએ ડ્રોન પર છ રાઉન્ડ ફાયરિંગ કર્યું, જેના પછી તરત જ પાક ડ્રોન પાછું ફર્યું. બીએસએફએ કહ્યું કે આ ઘટના બાદથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી રહી છે.

જમ્મુમાં બીએસએફ પાસે ડ્રોન દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં કાર્યરત આતંકવાદીઓને પાકિસ્તાનમાંથી શસ્ત્રો છોડવાના અનેક કિસ્સા છે. બીએસએફે ઘણા હથિયારો જપ્ત કર્યા છે અને સરહદ પાર બેઠેલા આતંકવાદીઓ અને તેમના આકાઓની યોજનાઓને નિષ્ફળ બનાવી છે. BSFના જવાનો અને સ્થાનિક પોલીસે એ સુનિશ્ચિત કરવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે કે પાકિસ્તાન તરફથી આવતા ડ્રોનને જોતા કોઈ શસ્ત્રો કે ડ્રગ્સ ન પડ્યા હોય.

પાકિસ્તાન સમર્થિત આતંકવાદી જૂથો અને આઇએસઆઇ દ્વારા ભારતીય ક્ષેત્રમાં ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવે છે. સરહદની આ બાજુએ ડ્રોને હેરોઈન અને રાઈફલો ફેંકી હોય તેવા ઘણા કિસ્સાઓ બન્યા છે. ભૂતકાળમાં પણ અરનિયાથી ડ્રોન મોકલવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

આ વર્ષે ૫ માર્ચે, આ વિસ્તારમાં એક શંકાસ્પદ ડ્રોન પ્રવૃત્તિ જોવા મળી હતી, જેના પગલે બીએસએફ જવાનોએ અવાજની દિશામાં ગોળીબાર કર્યો હતો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તમને જણાવી દઈએ કે ત્રણ દિવસ પહેલા સેનાએ ચક ફકીરા વિસ્તારમાં એક અંડરગ્રાઉન્ડ ટનલ શોધી કાઢી હતી.

તંત્રી સ્થાનેથી...

રાજસ્થાનમાં વધી રહેલી સાંપ્રદાયિક હિંસા

પહેલાં કરોલી અને પછી જોધપુર, રાજસ્થાનમાં વધી રહેલી સાંપ્રદાયિક હિંસાએ આખા દેશને ચિંતામાં મૂકી દીધો છે. જોધપુર તો મુખ્યમંત્રી અશોક ગેહલોતનું ગૃહનગર પણ છે. તેઓ કહી રહ્યા છે કે તેમણે આખું જીવન ધર્મનિરપેક્ષતાની રક્ષા કરવા માટે લગાવી દીધું છે. આખરે આવી સફાઈ આપવાની નોબત કેમ આવી? ગેહલોત અને તેમના સમર્થકોની નજરમાં ધર્મનિરપેક્ષતાનો અર્થ શો છે, તેને પણ તેમણે સ્પષ્ટ કરી દેવું જોઇતું હતું. કરૌલીમાં નવ સંવત્સરના અવસરે કાઢવામાં આવેલી શોભાયાત્રા પર હુમલા બાદની કાર્યવાહીમાં નિષ્પક્ષતા હજુ સુધી નથી દેખાઈ. જો કરૌલીની ઘટના બાદ પોલીસ પ્રશાસને ચુસ્તતા અને સફાઈ દેખાડી હોત, શોભાયાત્રા પર હુમલાના દોષી પકડાઈ ગયા હોત તો કદાચ જોધપુરની હિંસા જોવા ન મળી હોત. કરૌલી હિંસાનું આખું સત્ય સામે જ હતું, પરંતુ ગેહલોત સરકાર ભાજપ પર આરોપ લગાવવામાં વધુ ઊર્જા ખર્ચ કરી રહી હતી. સરકારે મજહબી કટ્ટરપંથી તત્ત્વો પર થોડું પણ ફોકસ કર્યું હોત તો તસવીર જુદી હોત. વાસ્તવમાં કરૌલી હિંસા આખા રાજસ્થાનમાં સપાટીની નીચે વ્યાપ્ત સ્થિતિનું એક પ્રગટીકરણ માત્ર હતી. નિશ્ચિતપણે ત્યારબાદ સરકારે ગુપ્ત રિપોર્ટોનું અધ્યયન કર્યું હશે. એ સંભવ નથી કે એક જ દિવસે ઇદ અને પરશુરામ જન્મોત્સવ હોવાને કારણે તણાવ, હિંસા વગેરેની આશંકા ગુપ્ત રિપોર્ટમાં ન હોય. તેને ધ્યાનમાં રાખતાં સંવેદનશીલ સ્થળો પર સખત સુરક્ષા વ્યવસ્થા અને હિંસા રોકવા સંબંધી પગલાં ભરવાં જોઇતાં હતાં, પરંતુ જોધપુરની ઘટના દર્શાવે છે કે એવું નથી કરવામાં આવ્યું.

કરૌલી અને જોધપુર ઉપરાંત દેશના વિભિન્ન હિસ્સામાં શોભાયાત્રાઓ પર થયેલા હુમલાઓએ એ સ્પષ્ટ કરી દીધું છે કે મોટી સંખ્યામાં ભારત વિરોધી તત્ત્વો સાંપ્રદાયિક હિંસા ફેલાવીને દેશની એકતાને બાધિત કરવા માંગે છે. પકડાયેલા લોકોની પૂછપરછ બાદ કેટલાંય એવાં તથ્યો ખૂલી રહ્યાં છે જે ભય પેદા કરે છે. કરૌલીની ઘટના બાદ ગેહલોત સરકારની જવાબદારી હતી કે સમગ્ર સ્થિતિની સમીક્ષા કરીને નવેસરથી સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત બનાવવાની હતી. સરકારે એવું ન કર્યું. જોધપુરમાં પરશુરામ જન્મોત્સવ પર શોભાયાત્રા કાઢવાની ઘોષણા થઈ ચૂકી હતી. નક્કી માર્ગ પર યાત્રાના આયોજકોએ ઠેર-ઠેર ભગવા ઝંડા લગાવ્યા હતા. જોકે પ્રશાસને શોભાયાત્રાની અનુમતિ આપી હતી, તેથી એ જવાબદારી તેની જ હતી કે ક્યાં ઝંડા લાગશેઅને ક્યાં નહીં? જો શરૂઆતમાં તેણે શરત મૂકી હોત કે ક્યાંય ઝંડા નથી લગાવવાના તો ન લગાવાયા હોત.

જોકે બાદમાં પ્રશાસને યાત્રાના આયોજકો સાથે વાત કરીને મોટાભાગની જગ્યાએથી ઝંડા હટાવી લીધા હતા. મોટી સંખ્યામાં ઝંડા લગાવ્યા હોવાને કારણે બે-ચાર ઝંડા છૂટી જવા સ્વાભાવિક વાત છે. તેમાંથી જ એક સ્થળ જાલોરી ગેટ પર સ્વતંત્રતા સેનાની બાલમુકુંદ બિસ્સાની પ્રતિમાવાળું સર્કલ હતું. અહીં અડધી રાત બાદ કેટલાક મુસ્લિમ યુવકો આવ્યા. તેમણે ભગવો ઝંડો ઉતારીને તેની જગ્યાએ ચાંદ-સિતારાવાળો ઝંડો લગાવી દીધો. તેનો વિરોધ થવાનો જ હતો. ઝંડો લગાવનારાઓએ વિરોધનો જવાબ હુમલાથી આપ્યો. તેમણે ન માત્ર ઝંડા લગાવ્યા, બલ્કે પ્રતિમાના મોં પર કથિત રીતે ટેપ પણ મારી દીધી. સત્ય જે પણ હોય, એનાથી તણાવ વધ્યો. અહીં રાજસ્થાન પોલીસે ત્વરિત કાર્યવાહી કરવી જોઇતી હતી. આ ઘટનાના બીજા દિવસે જે કંઈ થયું, તેણે દરેક દૃષ્ટિએ ઉપદ્રવીઓના વધેલા મનોબળ અને પોલીસની કમજોરીનું જ પરિણામ માનવામાં આવશે. ઈદની નમાજ બાદ ધાર્મિક નારા લાગવા માંડ્યા. અનેક હાથોમાં તલવારો લહેરાવા લાગી. તેની સાથે પથ્થરબાજી શરૂ થઈ ગઈ. એક યુવકને ચાકુ મારી દેવામાં આવ્યું. અનેક વાહનોને તોડવામાં આવ્યાં. આ પ્રકારની હિંસાનો મતલબ છે કે તૈયારી પહેલેથી જ કરવામાં આવી હતી. સ્થાનિક ભાજપી ધારાસભ્ય સૂર્યકાંતા વ્યાસના ઘર પર હુમલો થયો અને મહોલ્લામાં તેજાબની બોટલો ફેંકવામાં આવી. સ્થિતિ બગડતાં કરફ્યૂ લગાવવો પડ્યો.

રાજ્યમાં જૂનાપુરાણા ૨૪ વિવિધ મહેસૂલી કાયદાઓમાં પરીવર્તન કરાયું

,ગાંધીનગર,તા.૮

રાજ્યમાં મહેસૂલી પ્રક્રિયાના સરલીકરણ તથા વહીવટમાં પારદર્શીતા માટે જનહિતકારી નિર્ણયો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહેસૂલ વિભાગના જુના પુરાણા વર્ષો જુના અને નાબુદ થયેલા ૨૪ જેટલા વિવિધ ઈનામ નાબૂદી કાયદાઓના સંદર્ભમાં નવી/જુની શરતની અસમંજસતાથી ઉદભવતા લોકોના પ્રશ્નોનું સરળ અને પારદર્શી નિરાકરણનો અભિગમ અપનાવ્યો છે. અગાઉ આ સંદર્ભમાં કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા ન હોવાને કારણે આવા ઉભા થતા પ્રશ્નોના નિવારણ માટે અરજદારોને રાજ્ય કક્ષા સુધી આવવું પડતું હતું. પરિણામે મહેસૂલ વિભાગની કામગીરીનું ભારણ વધતુ અને જુદા જુદા અર્થઘટનોને કારણે આવા પ્રશ્નોના નિવારણમાં ખુબ વિલંબ થતો હતો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ વિષય આવતા તેમણે મક્કમતાપૂર્ણ ત્વરીત નિર્ણાયકતાથી આ સમગ્ર બાબતનું સુચારૂ નિરાકરણ લાવવા મહેસૂલ મંત્રી અને મહેસૂલ વિભાગને દિશાનિર્દેશ આપ્યા હતાં.

મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ મુખ્યમંત્રીના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારે કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયની ભૂમિકા આપતા જણાવ્યું હતુ કે, મહેસૂલી વહીવટમાં સરલીકરણની ભલામણો માટે રચાયેલી સી.એલ. મીના સમિતિના અહેવાલનો મહદઅંશે સ્વીકાર કરતા મુખ્યમંત્રીએ આ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. આના પરિણામ સ્વરૂપે મહેસૂલ વિભાગે આવા નાબૂદ થયેલા ૨૪ જેટલા કાયદાઓની બાબતમાં અગાઉ નવી અને જુની શરતની જમીનો બાબતે પ્રવર્તતી અસમંજસતા-દ્વિધા દુર કરવા વિસ્તૃત કાર્ય આયોજન કર્યુ છે અને આ અંગેની વિગતવાર સુચનાઓ મહેસૂલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે.

વિશ્વ સુરક્ષિત બનશે ત્યારે,હળીમળીને રહીશું જ્યારે

કાંકણપુર ખાતે નિરંકારી સંત સંમેલન યોજાયું

ગોધરા તાલુકાના કાંકણપુર ખાતે મહા.સ્વ.મણીલાલ સુથારીઆની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સંત નિરંકારી મિશનના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ભૂપેન્દ્રજી મહા.ની અધ્યક્ષતામાં નિરંકારી સંત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આસપાસના અનેક ગામોના સંતોએ હાજર રહી સંતવાણીનો રસાસ્વાદ કર્યો હતો.સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન દાહોદના મહા.શ્રી કાન્હાજીએ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સુંદર ભજનો દ્વારા કરવામાં આવી હતી.અમદાવાદથી પધારેલ હેમલતાબેને ગુરૂમહિમાનું વર્ણન કરતાં કહ્યું હતું કે ગુરૂ વિના જીવનનો ઉદ્ધાર થઈ શકતો નથી.ગુરૂકૃપા વિના પ્રભુના દર્શન થઈ શકતા નથી.કડવા વચન બોલી બીજાનું દિલના દુભાવવું જોઇએ.

ગોધરાના શ્રી કાનજીભાઈએ કહ્યું હતું કે સંતના સંગમાં રહેવાથી સાચી શાંતિ મળે છે.જે સૌભાગ્યશાળી વ્યક્તિને આવા સંત મહાપુરૂષની સંગતિ મળી જાય છે તો તેના મન ઉપર લાગેલા દાગ દૂર થઈ જાય છે.જે સાચા સંત હોય છે તે જિજ્ઞાસુઓને ત્રણ ગુણોથી પર પરમાત્માનાં દર્શન કરાવી દે છે. સંત શ્રીમતી વિદ્યાદેવીએ કહ્યું હતું કે અભિમાનએ ભક્તિમાર્ગનું મોટામાં મોટું વિઘ્ન છે.હાલોલના સંત સતિષજીએ કહ્યું હતું કે પ્રભુ દર્શન વિના મન માનતું નથી મન માન્યા વિના પ્રેમ સંભવ નથી,પ્રેમ વિના ભક્તિ અને ભક્તિ વિના ઉધ્ધાર થતો નથી. છેલ્લે મહા.શ્રી કંચનભાઈને કાંકણપુરના કાર્યકર્તા તરીકે નિયુક્ત કરી દુપટ્ટો ઓઢાળી જવાબદારી સુપ્રત કરી હતી.અનેક સંતોઓ પોતાની અનુભવવાણીનો રસાસ્વાદ કરાવ્યો હતો.વ્યાસપીઠ ઉપરથી પોતાના પ્રવચનમાં મહા.ભૂપેન્દ્રજીએ કહ્યું હતું કે ધર્મનો મુખ્ય ઉદેશ્ય એ છે પ્રત્યેક મનુષ્ય નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્માની જાણકારી કરી લે.ઘણા જ ભાગ્યથી મળેલ માનવજીવનનો આ જ એકમાત્ર ઉદેશ્ય છે.સંત નિરંકારી મિશન કોઈને ધર્મ પરીવર્તન કરાવતું નથી પરંતુ પ્રભુ પ્રાપ્તિના દ્વારા સાચા ધર્મની સાથે જોડીને વિશ્વમાં ભાઈચારો તથા માનવ એકતા સ્થાપિત કરી રહ્યું છે.તમામ ધર્મો માને છે કે પ્રભુ પરમાત્મા એક છે તો પછી ધર્મ પણ એક છે: માનવધર્મ કે જે સમગ્ર માનવતાના માટે ઉપયોગી છે.ભૌતિકતાના કારણે એક બીજા માનવ વચ્ચે પડેલું અંતર તો કોઈપણ સાધનના માધ્યમથી ઓછું કરી શકાય છે પરંતુ એકબીજા મનુષ્યો વચ્ચે પડેલ અંતર ઈશ્વરના જ્ઞાન અથવા સત્ય અને સમર્પણ વિના દૂર થઈ શકવાનું નથી.વાસ્તવમાં બ્રહ્મજ્ઞાનથી જ વિશ્વમાં ભાઈચારો સંભવ છે.

વિનોદભાઇ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

આપ બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસલમાનોને બચાવી રહી છે,જરૂરત પડી તો બુલડોઝર ચલાવીશું : આદેશ ગુપ્તા

નવીદિલ્હી,તા.૭

ભાજપે એકવાર ફરી બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસલમાનોને લઇ આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું છે એટલું જ નહીં તેના પર બુલડોઝર ચલાવવાની વાત પણ કહી છે હકીકતમાં દિલ્હી ભાજપ અધ્યક્ષ આદેશ ગુપ્તાએ પોતાના કાર્યકરો અને દિલ્હીના લોકોના નામે એક ખુલ્લો પત્ર લખ્યો છે તેમાં તેમણે લખ્યું છે કે અમે બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસલમાનોને હટાવવાનું કામ કરી રહ્યાં છીએ પરંતુ આમ આદમી પાર્ટી આ લોકોને બચાવી રહી છે.

ગુપ્તાએ પત્રમાં લખ્યું છે કે આમ આદમી પાર્ટીના કાર્યકર્તા લોકોને ડરાવીને વસુલી કરી રહ્યાં છે તેમણે લોકોને અપીલ કરી કે વસુલી કરનારા લોકોની વિરૂધ્ધ અવાજ ઉઠાવી ફરિયાદ કરવામાં આવે તેમણે પત્રમાં લખ્યું છે કે દિલ્હીમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશી મુસલમાનોની સમસ્યા વધી જઇ રહી છે દિલ્હી સરકાર તેમને આધાર કાર્ડ વોટર કાર્ડ રાશન કાર્ડ અને પેંશન અપાવવાનું કામ કરી રહી છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષે કહ્યું કે જરૂરત પડી તો બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસલમાનો પર બુલડોઝર પણ ચલાવવામાં આવશે

આદેશ ગુપ્તાએ કહ્યું કે આ લોકોને આમ આદમી પાર્ટી સરકારી જમીન પર કબજો કરાવી રહી છે આ સાથે જ દિલ્હી સરકારના ધારાસભ્ય સ્કુલોના ઇડબ્લ્યુએસ કવોટાનો ઉપયોગ કરી બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસલમાનોના બાળકોને દાખલ અપાવી રહ્યાં છે.તેમણે કહ્યું કે જે દેશનો નાગરિક નથી તેમણે અમે દેશમાં રહેવા દઇશું નહીં જો જરૂરત પડી તો બુલડોઝર પણ ચલાવવામાં આવશે

વિહિપે ઓડિશામાં શ્રીજગન્નાથ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટ સત્વરે બંધ કરવાની માંગકરી

ભુવનેશ્વર,તા.૮

વિશ્વ હિન્દુ પરિષદ સમર્થિત સંગઠને દાવો કર્યો હતો કે ઓડિશામાં શ્રી જગન્નાથ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટ પ્રાચીન મંદિરની માળખાકીય સ્થિરતા માટે ''ગંભીર ખતરો'' છે. શ્રી મંદિર સુરક્ષા અભિયાનએ માંગ કરી હતી કે પ્રોજેક્ટ સાઇટ પરની તમામ બાંધકામ પ્રવૃત્તિઓ ''તાત્કાલિક'' બંધ કરવામાં આવે અને તેના વૈજ્ઞાનિક મૂલ્યાંકન માટે નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવે. એસએમએસએને વિહિપઅને અન્ય સંસ્થાઓ દ્વારા સમર્થન મળ્યું છે. સંસ્થાએ કેન્દ્ર સરકારને આ બાબતમાં હસ્તક્ષેપ કરવા વિનંતી કરી અને આરોપ લગાવ્યો કે ઓડિશા સરકાર પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષ અધિનિયમના ઉલ્લંઘનમાં પ્રોજેક્ટનો અમલ કરી રહી છે.એસએમએસએના પ્રવક્તા અનિલ ધીરે મીડિયાને જણાવ્યું, ''ઓડિશામાં શ્રી જગન્નાથ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટના અમલીકરણથી પ્રાચીન મંદિરની માળખાકીય સ્થિરતા માટે ગંભીર ખતરો છે. અમે માંગ કરીએ છીએ કે તમામ પ્રવૃતિઓ તાત્કાલિક બંધ કરવામાં આવે અને આ પ્રોજેક્ટથી પ્રાચીન મંદિર પરના જોખમોનું મૂલ્યાંકન કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવે. તેમણે કહ્યું કે એસએમએસએના પાંચ સભ્યોનું પ્રતિનિધિમંડળ શુક્રવારે કેન્દ્રીય સંસ્કૃતિ પ્રધાન જી કૃષ્ણ રેડ્ડીને મળ્યું અને તેમને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. તેમણે કહ્યું કે પ્રતિનિધિમંડળે તેમને પુરીમાં શ્રી જગન્નાથ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટના અમલીકરણમાં ''અનિયમિતતાઓ'' વિશે જાણ કરી હતી.

ડ્રાઈવરની નોકરી કરતો વ્યક્તિ રાતોરાત કરોડપતિ બની ગયો ડ્રીમ-૧૧માં ૫૯ લગાવી ૨ કરોડ જીત્યા

પટણા,તા.૮

વર્તમાન સમયમાં દેશભરમાં આઈપીએલની ધૂમ મચી છે. ક્રિકેટ પ્રેમીઓ દરેક મેચની મજા માણી રહ્યા છે. કેટલાક ક્રિકેટ ચાહકો કરોડપતિ પણ બની રહ્યા છે. આવા કેટલાક નસીબદાર ક્રિકેટ પ્રેમીઓમાંથી એક રમેશ કુમાર છે. જે બિહારના સારણ જિલ્લાનો રહેવાસી છે. કાર ડ્રાઈવર રમેશે ડ્રીમ-૧૧માં આઈપીએલ ટીમ પસંદ કરીને રૂ. ૨ કરોડ જીત્યા છે. ડ્રીમ-૧૧ પર રમેશે પસંદ કરેલી આઈપીએલ ટીમ દેશમાં નંબર વન હતી અને તેણે ૨ કરોડ ઈનામ તરીકે જીત્યા હતા. ડ્રીમ ૧૧ પર ટીમ બનાવીને કરોડપતિ બનેલા રમેશના ઘરમાં ખુશીનો માહોલ છે. કોઈ માની ન શકે કે તેની પાસે આટલી મોટી રકમ છે, જે તેણે સપનામાં પણ વિચાર્યું ન હતું.

ભારતમાં ક્રિકેટ ચાહકોની કોઈ કમી નથી. લાખો લોકો ક્રિકેટ જુએ છે. પરંતુ આ નસીબદાર ક્રિકેટ પ્રેમીઓમાંથી કેટલાક પૈસાદાર પણ બની જાય છે. સારણ નિવાસી રમેશ કુમાર પણ તેમના ભાગ્યશાળીઓમાંના એક છે. મળતી માહિતી મુજબ રમેશ કુમાર સારણ જિલ્લાના અમનૌર બ્લોકના રસુલપુર ગામનો રહેવાસી છે. તેના પિતા મહેનત મજૂરી કરી ગુજરાન ચલાવે છે ને તે પોતે ડ્રાઈવર છે.

રમેશ પોતે પશ્ચિમ બંગાળમાં કાર ચલાવીને પૈસા કમાય છે. હવે રમેશ રાતોરાત કરોડપતિ બની ગયો છે. અમનૌર પોલીસ સ્ટેશન વિસ્તારના કાજ રસુલપુર નિવાસી જગદીશ મહતોના પુત્ર રમેશ કુમારે ડ્રીમ-૧૧ પર આવી આઈપીએલ ટીમ બનાવી જે દેશમાં નંબર વન હતી. રમેશ અઠવાડિયા પહેલા પશ્ચિમ બંગાળથી તેના ઘરે આવ્યો હતો. રમેશે જણાવ્યું કે, તે વર્ષોથી ડ્રીમ-૧૧ પર ટીમ બનાવતો હતો. ગયા મંગળવારે પંજાબ કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાયેલી મેચ પહેલા તેણે આઈપીએલ ટીમ બનાવી હતી. તેણે આ ટીમમાં કગીસો રબાડાને કેપ્ટન અને શિખર ધવનને વાઈસ કેપ્ટન બનાવ્યો. આ મેચમાં રબાડાએ ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે શિખરે શ્રેષ્ઠ ઈનિંગ રમી હતી. મેચ પુરી થયા બાદ રમેશે બનાવેલી ટીમને સૌથી વધુ પોઈન્ટ મળ્યા અને તેની આઈપીએલ ટીમ દેશમાં નંબર વન રહી.

મુકેશ સહનીએ બિહારની તમામ ૪૦ લોકસભા બેઠકો પર ચુંટણી લડવાની જાહેરાત કરી

મોતિહારી,તા.૭

બિહાર સરકારના પૂર્વ મંત્રી અને વિકાસશીસ ઈસાન પાર્ટી (વીઆઈપી)ના અધ્યક્ષ મુકેશ સહનીએ મોતિહારીમાં વર્ષ ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં બિહારની તમામ ૪૦ બેઠકો પર ઉતરવાની જાહેરાત કરી છે.પૂર્વ પશુપાલન અને મત્સ્ય મંત્રી મુકેશ સહનીએ ચકિયા અને મોતિહારીમાં વીઆઈપી પાર્ટીના જીલ્લા ઉપાધ્યક્ષ મનોજ સહનીના આવાસ પર પત્રકારો સાથેની વાતચીતમાં આ જાહેરાત કરી હતી.

તેમણે આ દરમિયાન ચુંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરની રાજનીતિમાં આવવાનું સ્વાગત કર્યું અને કહ્યું કે તે બિહારના પુત્ર છે અને યુવા છે તેમનો સારી રાજનીતિક વિચાર છે તેના માટે તેમનું સ્વાગત થવું જોઇએ

એનડીએથી અલગ થયા બાદ મુકેશ સહનીએ પોતાના ભવિષ્યને લઇ કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચુંટણીની તૈયારી જોરશોરથી ચાલી રહી છે આ કાર્યક્રમ પૂર્વ નિર્ધારિત છે અને એક દિવસ બાદ બેતિયામાં પાર્ટી કાર્યાલયનું ઉદ્ઘાટન થશે જયાંથી ૩ લોકસભા બેઠકો પર ચુંટણીની તૈયારી કરવામાં આવશે

તેમણે કહ્યું કે સમગ્ર બિહારમાં વીઆઈપીના ૧૩ કાર્યલય ખોલવામાં આવશે અને બિહારની તમામ ૪૦ લોકસભા બેઠકો પર ચુંટણી લડવાની તૈયારી શરૂ થઈ ગઈ છે સહનીએ એકવાર ફરી દોહરાવ્યું કે બિહારમાં વીઆઈપી પાર્ટી વિના કોઈની પણ સરકાર બની શકે તેમ નથી

ઉદ્ધવ ઠાકરે સરકાર નવનીત રાણા અને રાજ ઠાકરે ઉપર કડક કાર્યવાહી કરવાના મૂડમાં

મુંબઈ,તા.૮

મુંબઈ સેશન કોર્ટે સાંસદ નવનીત રાણા અને તેના પતિ ધારાસભ્ય રવિ રાણાને શરતોનની સાથે જામીન આપ્યા છે પરંતુ આમ છતાં પણ રાણા દંપત્તિની મુશ્કેલીઓ ઓછી થતી નજરે પડી રહી નથી.બીએમસીએ રાણાના ખાર ખાતેના ફલેટની બહાર એક નોટીસ ચોંટાડી છે આ નોટીસ અનુસાર બીએમસી એ નિરીક્ષણ કરશે કે રાણાના ફલેટમાં ગેરકાયદેસર નિર્માણ તો કરવામાં આવ્યું નથીને તેને લઇ બીએમસીની એક ટીમ રાણા દંપત્તિના ઘરે પણ ગઇ હતી પરંતુ ત્યાં કોઇ ન મળવા પર ખાલી હાથ પરત ફરી હતી.

આ બાબતે નવનીત રાણાના પતિ રવિ રાણાનું કહેવુ છે કે નવનીતની તબીયત સારી નથી તેને હજુ પણ દર્દ છે તેમણે કહ્યું કે જયારે હું જેલમાં હતાં ત્યારે મારા ઘર પર બીએમસીએ નોટીસ લગાવી હતી જયારે અમે ન હતાં તો બીએમસીની ટીમ બે વાર ઘરે આવી હતી બીએમસીની મદદ કરવા માટે ઘરે આવ્યો પરંતુ તે આવી નહીં નવનીતની તબીયત ઠઢીક નથી આથી હું તેની સાથે છું રવિએ તેમની સાથે થયેલ કાર્યવાહીને નફરત અને દ્વેષની રાજનીતિ ગણાવી હતી.

દરમિયાન મહારાષ્ટ્રના ગૃહમંત્રી દિલીપ પાટીલે મામલા પર કહ્યું કે પોલીસે સમજી વિચારીને રાજદ્રોહનો ચાર્જ લગાવ્યો હતો હવે કોર્ટે કેટલીક ટીપ્પણી કરી છે પરંતુ જે નવનીત રાણા કરવા જઇ રહી હતી તે ખોટું હતું પાટિલે કહ્યું કે નવનીત રાણાથી માફી માંગવાનો સવાલ જ ઉભો થતો નથી પોતાની હરકત માટે તેઓએ માફી માંગવી જોઇએ જે રીતે તેમણે વાતાવરણ બગાડયું તે બિલકુલ ખોટું હતું.

આ દરમિયાન પાટિલે એમએનએસ વડા રાજ ઠાકરેને લઇને પણ નિવેદન આપ્યું તેમણે કહ્યું કે રાજ ઠાકરેની વિરૂધ્ધ પણ કાર્યવાહી થશે જો તપાસ બાદ લાગશે તો વધુ કડક કલમો લાગુ કરવામાં આવશે તેમણે કહ્યું કે તેમને આગળ આવી રેલીઓને મંજુરી આપવી કે નહીં તે ત્યાંની સરકાર નક્કી કરશે ગૃહમંત્રીએ કહ્યું કે મહારાષ્ટ્રમાં કાયદો વ્યવસ્થા બિગાડવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

નવનીત રાણાને મળેલી સુરક્ષા પર પણ પાટિલે હુમલો કર્યો તેમણે કહ્યું કે કેન્દ્રથી સુરક્ષા આપવી ખોટું છે પરંતુ આવી સુરક્ષા લઇ કંઇ પણ કરવું કે તમે કોઇ પણ ઘરની બહાર જઇ આંદોલનની ધમકી આપો તે ખોટું છે તેમણે કહ્યું કે કેન્દ્ર વિરૂધ્ધ રાજય એજન્સીનું સંઘર્ષ ન થાય તેનો પ્રયાસ છે પરંતુ દુર્ભાદગ્યથી કેન્દ્રીય એજન્સીઓ અતિરેક કરી રહી છે. એ યાદ રહે કે નવનીત રાણા અને તેના પતિ રવિ રાણાએ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના નિવાસ માતોશ્રીની સામે હનુમાન ચાલીસાનો પાઠ કરવાની જાહેરાત કરી હતી પરંતુ પોલીસે તેમની ધરપકડ કરી હતી. બાદમાં પોલીસે તેમના પર રાજદ્રોહનો કેસ દાખલ કર્યો હતો જો કે તબીયત ખરાબ હોવા છતાં નવનીત રાણાને જેલથી લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા હતાં.

માનની મોંઘી યાત્રા

પંજાબના સીએમના ગુજરાત પ્રવાસ પર આવ્યો ૪૪ લાખનો ખર્ચ,આરટીઆઈમાં ખુલાસો

નવીદિલ્હી,તા.૮

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલના ગુજરાતના પ્રવાસ માટે ઉપયોગ કરવામાં આવેલા એરક્રાફ્ટ માટે રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગે ૪૪.૮૬ લાખ રૂપિયાનું બિલ ચુકવવું પડશે. ભગવંત માન અને કેજરીવાલ ગત ૧થી ૩ એપ્રિલ સુધી ગુજરાતના પ્રવાસે ગયા હતા અને તેમણે અહીં ડિસેમ્બરમાં થનારી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના અભિયાનની વરચ્યુઅલ શરૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન ભગવંત માન અને કેજરીવાલ સાબરમતી આશ્રમ સહિત ઘણી જગ્યાઓ પર ગયા અને તેમણે અમદાવાદમાં એક રોડ શોનું આયોજન કરીને લોકોને સંબોધ્યા હતા. આમ આદમી પાર્ટીના પૂર્વ સભ્ય બઠિંડા નિવાસી હરમિલાપ સિંહ ગ્રેવાલે આરટીઆઈ કરીને ભગવંત માનના ગુજરાત અને હિમાચલ પ્રદેશના પ્રવાસ દરમિયાન થયેલા ખર્ચની માહિતી માંગી હતી.

નાગરિક ઉડ્ડયન વિભાગે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે મુખ્યમંત્રીના ૧થી ૩ એપ્રિલ સુધીના ગુજરાત પ્રવાસ માટે લેવામાં આવેલા એરક્રાફ્ટનું ૪૪,૫૮,૯૬૭ રૂપિયાનું બિલ વિભાગને મળ્યું છે. જોકે વિભાગ દ્વારા જવાબમાં કહેવામાં આવ્યું છે કે ૬ એપ્રિલે મુખ્યમંત્રીની હિમાચલ પ્રદેશની મુસાફરી સરકારી હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવી હતી. જેને સરકારી યાત્રામાં ગણવામાં આવી છે.

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ૨ અને ૩ એપ્રિલ એમ બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ આમ આદમી પાર્ટીની નજર હવે ડિસેમ્બર ૨૦૨૨માં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી પર છે. બંને નેતાનો અમદાવાદના પૂર્વમાં રોડ શો યોજાયો હતો. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ૨ એપ્રિલના રોજ બપોરે ૩ વાગ્યે બાપુનગર પોલીસ સ્ટેશન પાસે ડો. બાબાસાહેબ આંબેડકર ચોકથી નિકોલ ખોડિયાર મંદિર સુધી ૪ કિલોમીટરનો રોડ શો યોજાયો હતો. આ રોડ શોમાં હજારોની સંખ્યામાં AAPના નેતાઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા. ૨ એપ્રિલના રોજ બપોરે ત્રણ વાગ્યે નિકોલ ખોડિયાર મંદિરથી ઠક્કરબાપાનગર બ્રિજ સરદાર મોલ સુધી ૧.૫ કિમી સુધી કિલોમીટરનો રોડ શો યોજાયો હતો. આ રોડ શોમાં હજારોની સંખ્યામાં ગુજરાતના આમ આદમીના નેતાઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા. ૩ એપ્રિલના રોજ અમદાવાદમાં જ ગુલાબસિંહ યાદવ, ઈશુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા સહિતના ગુજરાતના મુખ્ય નેતાઓ સાથે બેઠક કરી હતી.પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સરકારી હોલિકોપ્ટરના ઉપયોગને લઈને ઘેરાઈ ગયા હતા. તેમની કેટલીક તસ્વીરો બહાર આવી હતી, જેમાં તેમની પાછળ પંજાબ સરકારનું હેલિકોપ્ટર દેખાય છે. તેને લઈને ભાજપે આમ આદમી પાર્ટી પર હુમલો કર્યો હતો. ભાજપ નેતા મનજિંદર સિરસાએ કહ્યું કે અગાઉ ભગવંત માન એમ કહેતા હતા કે ઝસ્ચરણજીત ચન્ની હેલિકોપ્ટરમાંથી ઉતરતા નથી. તે દરેક જગ્યાએ પંજાબ સરકારના પૈસે ફરે છે. આજે ભગવંત માન જ અરવિંદ કેજરીવાલની સાથે પાર્ટી પ્રચાર માટે સરકારી હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને પૈસાનો મિસયુઝ કરી રહ્યાં છે.

ગઝલ...એ પછીની વાત માડું છું...
અમે તૂટી ગયાં ને !એ પછીની વાત માડું છું,
જરાં ઝૂકી ગયાં ને!એ પછીની વાત માડું છું.
બરોબર એક સાથે આપણે ઊભાં હતાં દરિયે,
છતાં ખૂટી ગયાં ને!એ પછીની વાત માડું છું.
નથી એવું કશું કે આંખમા ખૂચ્યાં કરે કાયમ,
નયન લૂછી ગયાં ને! એ પછીની વાત માડું છું.
કદી ના ચાલશે સંગાથ વિના આ જીવન નૈયા,
હૃદય સુધી ગયાં ને!એ પછીની વાત માડું છું.
કદી ક્યાં હાર ને ક્યાં જીતના સોદા થયા વ્હાલાં,
શરત ચૂકી ગયાં ને!એ પછીની વાત માડું છું .

પારુલ બારોટ...
(અમદાવાદ)

અમે જોયા નયનથી આપને જેવા, મજા થઈ ગઈ.
તમે આવ્યા, અમારા દિલ ઉપર કેવી કૃપા થઈ ગઈ!
તમારું નામ બોલીને હૃદય થડકાર ચુકે છે,
પરંતુ કોણ જાણે પ્રેમ કરવાની સજા થઈ ગઈ.
ઈશારા તો ઘણાં જોયા, ન દિલ પર એકપણ વાગ્યો.
તમારી વાત ન્યારી છે, ગઝલ મારી કથા થઈ ગઈ.
કહું કોને તમારી વાત, વેરી આ જમાનો છે.
હવે મારા હૃદયને આ જુઓ કેવી વ્યથા થઈ ગઈ.
સમયને માન આપ્યું છે, મુરત જોવું નથી કોઈ.
વસંતે છાંટ નાખી છે,
સખીની પણ દયા થઈ ગઈ.

ભાવના ચૌહાણ.
(વડોદરા)

રોજ રોજ દિવસને અંતે સાંજ ઢળે કે સૂરજ
હો પૂનમ કે બીજ ચાંદને રાત ગળે કે સૂરજ ?
સંધ્યા વીતી દીવા પ્રગટ્યા આશા રહી અધુરી
કોરા શમણે ભીની આંખે જાત બળે કે સૂરજ ?
મૃગજળના સરવરમાં ઊગે ઈચ્છાઓની મંઝીલ
અટકીને ભ્રમણાના નકશે રાહ વળે કે સૂરજ ?
ડૂબ્યા પર્વત, નદીઓ ડૂબી તો યે કોરી કટ્ટ
કહો તમે આંખોના દરિયે આભ પડે કે સૂરજ ?
ધરતી નભ દિશા ને ખૂણા સઘળું મૂકી ચાલ્યા
અંત વિનાની એવી સફરે ચાંદ મળે કે સૂરજ ?

નશા નાણાવટી
નિશી
(જૂનાગઢ)

અરજી ગણપતિ દાદાને

રુડો અવસર આવ્યો આજ આંગણે રે,
પધારો ગણપતિદાદા મુજ આંગણે રે.
તાત માત શિવ પાર્વતીની સાથે રે,
રિદ્ધિ સિદ્ધિ સંગાથે આવોને મુજ દ્વાર રે.
રુડો અવસર.....
કાને કુંડળ,હાથે કંકણ સોહાય રે,
ભાલે તિલક,ગળે માળા ધારી રે,
શુભ લાભને સાથે લઈ ને રે,
સુખકર્તા, દુઃખકર્તા આવો મુજ દ્વાર રે.
રુડો અવસર.....
ઉર પ્રેમે ધરું હું મોદક થાળને રે,
સાથે પાન-સોપારી મુખવાસ પણ રે,
તૃપ્ત થઈને આશિષ દેજો,સુખી સૌ થાય,
લળી લળી લાગું પાય દાદા
અરજી સ્વીકારી દર્શન દેવા પધારોને.
રુડો અવસર.....

બીના શાહ.
(મુંબઈ)

જીવનનો મકસદ.....

જીવન નિરંતર એની ગતી એ ચાલતું રહ્યું રફતાર ની વધઘટ થતી રહી જીવન ચાલતું રહ્યું,
ઘડીભર પણ વિચાર ન કર્યો....
હું કોણ છું?
જીવનનો મકસદ શું છે?
શું પામવાનું છે?
બસ...જીવન જીવતો ગયો,
જાગ્યો તો સમજાયું ગણું બધું ચુકી ગયો,
ખુદની ખુદાઈ ન ભાળી બીજાની બુરાઈ ભાળી,
સ્વાર્થ, ઈર્ષ્યા, સંકુચિતતા ની ભરમાર ભાળી,
જાગીને જોયું તો સંસારની માયા ભાળી,
સમજાયું કે જીવન જીવવાનું જ રહી ગયું.

ડો. રમેશ શાહ
(વડોદરા)

તમે જ કહો

હશે મારોય એમાં વાંક, તમે જ કહો
પોતે સાવ કોરીકટાક! તમે જ કહો
આ ફોન ને મેસેજ બધું મેં જ કર્યું'તું?
'જરા ઈશ્વરનો ડર રાખ', તમે જ કહો.
ચાલતું હતું ત્યાં સુધી વાંધો ન'તો એને,
આતો ડખો થયો છે ક્યાંક, તમે જ કહો.
વિશ્વાસનો સંબંધ છે એમ માનતો હતો,
તેણે કર્યો વિશ્વાસઘાત, તમે જ કહો.
પ્રશ્નોનો છડેચોક એણે મારો ચલાવ્યો,
ને મેં કરી એકેય વાત? તમે જ કહો.

નવીન જોશી
,સ્પંદન,
યોગીનગર,

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS NO - 0050
વિષય - અક્ષય તૃતીયાનુ માહાત્મ્ય.
પ્રકાર - ગદ્ય મૌલિક.

અક્ષય તૃતીયા એટલે વળમાગ્યું શુભ મુહૂર્ત. જૈનો માટે વિશેષ મહત્વ કારણકે આ દિવસે વર્ષીતપના પારણાંનો દિવસ છે .આઠ દિવસ, દિવાળીના પાંચ દિવસ, ઓળી માં નવ દિવસ અનુષ્ઠાન કરાય. વર્ષીતપ એક એવું તપ છે જેમાં ૧૩ મહિના સુધી તપ કરવાનું હોય. કારણ કે તેમાં વિષય, કષાય અને આહારનો ત્યાગ કરાય છે. મનની પ્રસન્નતા જાળવીને આત્માની સમીપ રહેવાનો પુરુષાર્થ કરાય.આરાધક આત્માઓ ઉત્સાહપૂર્વક આ તપની આરાધના કરે. સામાન્ય રીતે ફાગણ સુદ આઠમના દિવસે આ વ્રતનો પ્રારંભ થાય છે.

વરસીતપની ઉજવણી પાછળ એક કારણ છે. જૈનોનાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનાં સમય ભોગભૂમિ હતી. માનવીનો આહાર વસ્ત્ર આભૂષણ વગેરે ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષ પાસેથી મળતો હતો.. ધીરે ધીરે કલ્પવૃક્ષ પાસેથી આ બધું બંધ થઈ ગયુંને આહાર મેળવવાં માટે લડાઈ થવા માંડી. ઋષભદેવને નાભી કુલકરે રાજા તરફથી નીમ્યા હતાં. પછી અસિ,મોસમ, કૃષિ, વાણિજ્ય, વિદ્યા, શિલ્પ લોકોને શીખવતાં હતાં . ઋષભદેવ પુરુષોની ૭૨ કળાને સ્ત્રીઓને ૬૪ કળા શીખવી. વૃષભદેવના સમયમાં લોકો જડ બની ગયેલાં હતાં. ખેતી કરવા માટે ખેતર ખેડવા જતાં પણ બળદો ધાન્ય ખાઈ જતાં માટે દોરી બાંધવાનું કહ્યું મોટે.જેથી બળદો ધાન્ય ના ખાઈ જાય. કામ કરતી વખતે બળદોને દોરી બાંધી પણ કામ પૂરું થઈ ગયાં પછી ભૂલી ગયાં માટે ૧૩ કલાક સુધી ખાધાં પીધાં વગર ના રહ્યાં બળદો. વૃષભદેવને પૂછતાં તેઓએ જણાવ્યું કે દોરી જ્યારે ખેતર ખેડવા જાવ ત્યારે બાંધવાની હોય પછી ભૂખ્યાં રહેવાથી નિશાસા નાંખ્યા બળદોએ. દીક્ષા લીધાં પછી ઉદયમાં આવ્યું.

પ્રભુએ મૌન ધારણ કર્યું જૈન સાધુને આહાર આપવાની વિધિને સૌ અજાણ હતાં. ભાવિકો ભક્તો પ્રભુનો વસ્ત્ર, અલંકાર, હાથી, ઘોડા વગેરે આપતાં હતાં. પણ પ્રભુએ ગ્રહણ કરતાં નહોતાં. એક વર્ષ સુધી થી પણ વધુ સમય નિરાહારી પણ એ રહ્યાં હતાં. માટે રાજા શ્રેયાસકુમારને સ્વપ્ન જોયું કે શ્યામ થઈ ગયેલાં મેરુ પર્વતને દૂધથી અભિષેક કરીને ઉજળો કર્યો. જ્યારે શ્રેયાસકુમારને ત્યાં ગયાં ત્યારે વર્ષોથી કુમારને
પૂર્વભવની જાણકારી થઈને જૈન સાધુને કેવો આહાર અપાય. એમને જ્ઞાન થયું. તાજા શેરડીનાં રસને વડે ભગવાનને પારણું કરાવ્યું. અને ૧૦૮ ઘડા વહોરાવ્યા. તેમાંથી એક ટીપું પણ જમીન પણ પડ્યું ન હતું. ત્યારથી સુપાત્રદાનની શરૂઆત થઈ દાન અપાયું. તેથી તે દિવસને "અક્ષય તૃતીયા" પણ કહેવાય છે. સુપાત્ર દાન દેનાર બન્યાં. લોકોને દાનનું મહત્વ સમજાવ્યું અને પર્વોનો પણ મહત્વ સમજાવ્યું. તો ઘરે દાનનો મહિમા બતાવે છે. ભગવાને ૧૨ પ્રકારના દાન બતાવ્યા છે. જેનાથી આપણે આપણી શક્તિ અનુસાર આપણે કરી શકીએ છે. છતાં શક્તિ છુપાવ્યા વગર તેમની આરાધના કરવી જોઇએ. તપ કરવાથી આત્મા પર લાગેલાં કર્મોની નિર્જરા થાય છે. પૂજા અને ભક્તિ અને દાન
વિના ગૃહસ્થ ધર્મ સંભવ નથી. આપણે આપણી આવક નો થોડો હિસ્સો પણ યોગ્ય પાત્ર માણસને દાન કરવો જોઈએ. આ નિમિત્તે આપણે યથાશક્તિ તપશ્ચર્યાને યથાશક્તિ દાન કરતાં રહેવું. આપણાં વડવાઓ કહેતાં.

રાગીની શુક્લ "રાગ"..મુંબઈ

N.O.G.SS.NO. 0026
વિષય - ધૂપ - છાંવ
નામ- અંજના ગાંધી " મૌનુ"
ગામ- વડોદરા
વિભાગ - પદ્ય .

આશા-નિરાશાની કેડી પર ચાલી માનવી તું અકળાયો,
આ તો ઘડીક છે ધૂપને ઘડીક છે છાંયો.(૨)
ભાગ્યના લેખ આ તો, ટાળ્યા ટળે નહિં,
ભાવીનાં ગર્ભમાં શું છૂપ્યું ,ટળે નહિં,
સારા કે ખોટાં કર્મો કરીને આમથી તેમ અથડાયો,..
આ તો ઘડીક છે ધૂપને ઘડીક છે છાંયો.(૨)
વાવશે જે તું, રમશે એજ તું,
ભાગ્ય તારું પોતે ઘડશે એજ તું,
વિચારોની આંટી - ઘૂંટી માં આમ તે,
કેમ કરીને ભરાયો??
આ તો ઘડીક છે ધૂપને ઘડીક છે છાંયો.(૨)
આશા - નિરાશાની કેડી પર ચાલી માનવી તું અકળાયો,
આ તો ઘડીક છે ધૂપને ઘડીક છાંયો..

અંજના ગાંધી " મૌન.. વડોદરા

NOG SS No: 0010
પ્રકાર :- પદ્ય
વિષય:- ધૂપ છાવ
શીર્ષક:- ઋણ

છાવમાં રહીને અહેસાસ ના જરાયે કાંટાળા રસ્તાનો,
લીલાછમ મુલાયમ પર્ણો જોયા ના લગીરે સુકાયેલા પાંદડાને.
આગમાં સેકાયેલો રોટલો મીઠો ઘણો લાગ્યો જમીને,
ધૂપમાં બેસી મજદૂર ખાતાં ઠંડો પોતાની મહેનતનો.
ફર્ક એટલો હતો છતનો ઊભાં રહેવું તડકામાં તપીને,
છુપાવી ઋણ દેખાય ના કોઈને પાયાનો આધાર આપીને.
જોઈ ઘણી જિંદગીમાં તેજો તિમિરની આવન જાવન ને, ખંડિત હલેસાં માર્યા છિદ્રાળ જીવન નાવને તારવાને.
છાયા મળતી ઝાડ નીચે ઝાડ ઊભું તડકામાં રહીને,
સવાલો ઘણા હતાં જીવનમાં ઉકેલવા છાયામાં રહીને.

દીપ્તિ પટેલ'શ્રીકૃપા'..વડોદરા

NOG SS No/0044
વિષય :-ધૂપ છાંવ
પ્રકાર:- ગદ્ય
શબ્દ સંખ્યા:- ૨૧૫.
શીર્ષક:- છાંયડો
નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા.

ધૂપ છાંવ એટલે તડકો છાંયડો. તડકાથી બચવા માટે છાંયડો જોઈએ, રસ્તે ધોમધખતા તાપમાં ચાલતાં જતા વટેમાર્ગુને જો રસ્તે કોઈ વૃક્ષ દેખાય તો છાંયડે ઉભા રહીને જે હાશકારો અનુભવે એ આનંદ કંઈ જેવો તેવો ન હોય. આપણને છાંયડો આપવા વૃક્ષ કેટલો તડકો વેઠે ત્યારે એ છાંયડો આપી શકે છતાં પણ આપણને આવાં વૃક્ષોની ક્યાં કદર છે !આપણી ભૌતિક સુખ-સગવડ માટે વૃક્ષોનું નિકંદન કાઢતાં જરાપણ અચકાતા નથી. આ માટે તાજું જ ઉદાહરણ બુલેટ ટ્રેનનું કે જે, સામાન્ય માનવીને તો કશા કામની જ નથી કામ આવશે તો ધનવાનોને જ છતાં પણ કેટલાં વૃક્ષો અને આંબાવાડી અને સાથે જ આપણાં લોહી પસીનાથી સિંચાયેલી સરકારી તિજોરી સફાચટ થઈ ગઈ.

આ તો થઈ છાંયડો આપતાં વૃક્ષોની વાત. એવું જ આપણાં જીવનમાં પણ, આપણે આપણાં વડીલોની છત્ર છાયામાં કેટલી નિરાંત અનુભવીએ છીએ.

માવતરે કંઈ કેટલાં તડકા વેઠીને, કરકસર કરીને પૈસા બચાવી સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપ્યું સંતાનોને તકલીફ ન પડે એની શક્ય એટલી કાળજી રાખી.
સંતાનોને મુશ્કેલી આવે ત્યારે ઘરમાં વડીલોની લાગણી હૂંફથી કેટલું સાંત્વન મળે અને મુશ્કેલીઓનો સામનો કરી શકીએ, છતાં પણ જેમ વૃક્ષોની કદર નથી એમ વડીલોની પણ કદર નથી.

આજની યુવા પેઢીમાંના મોટેભાગનાને વડીલોની જાણે એલર્જી હોય એમ વડીલો સલાહ આપે તો હડધૂત કરતાં કે ઘરડાં ઘરમાં મૂકતાં અચકાતાં નથી.

આમ જિંદગીમાં તડકો વેઠી છાંયડો આપનારની કદર કરવાનું ધીમે ધીમે ભૂલાય રહ્યું છે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

NOG SS No : 111
વિષય: ધૂપ છાંવ
વિભાગ/ પ્રકાર: ગદ્ય/ લેખ
શબ્દ સંખ્યા: ૩૨૩
શીર્ષક: જીવન રંગ

' ધૂપ છાંવ' એટલે બે વિરોધાભાસી રંગો કે પરિસ્થિતિ જે એકમેક સાથે સંકળાયેલા હોય. ' ધૂપ છાંવ' કેટલો સુંદર શબ્દ છે! કાને પડતાં જ અનેક ચિત્ર નજર સામે આવે છે.ઘટાદાર વૃક્ષની ઠંડી છાયા, જે અનેક તપતાં જીવોનો વિસામો બનેછે. ભરબપોરે આકરાં તાપમાનમાં જે જીવોને આ છાયા નજરે પડે તો તેમને ઠંડક આપમેળે જ મળી જાય છે.

ઉનાળામાં આભમાં વિહરતાં વાદળોનાં પહાડો પર પડતાં પડછાયાંની સુંદરતાની તો વાતજ નિરાળી છે.ધોમધખતાં તાપમાં કેટલું સારું લાગે છે! સૂર્યનારાયણ તેમની ચરમસીમાએ તપતા હોય ત્યારે જીવ છાંયડા સિવાય કોઈપણ ચીજની આશા ન રાખતાં , છાંયડો જ શોધતાં હોય.

કોઈપણ સ્ત્રી જ્યારે કપડામાં ધૂપછાંવ રંગ જુએ તો તેનું મન આ બે રંગોનાં સમન્વય પર મોહી જાય છે, જે માનુનીઓની પહેલી પસંદ છે.

ધૂપ છાંવ એટલે બે વિરોધાભાસી પરિસ્થિતિ. ધૂપ એટલે કસોટી કે આકરી મહેનત અને છાંવ એટલે સરળ, સુખી, શાંત જીવનપ્રવાહ. આપણી જીવનયાત્રા પણ ધૂપછાંવ ભરેલી જ હોયછે. બાળપણ માતા-પિતાની છત્રછાયામાં બહુ સરળ હોયછે. યુવાની ભણીગણીને તૈયાર થવામાં કરવી પડતી મહેનત છે. લગ્નબાદ કંઈક અંશે સરળ પણ સતત કાળજી લેવાની મહેનત. ત્યારબાદ પરિસ્થિતિમાં આવતાં ચઢાવ-ઉતાર, વળાંકો આપણને ધૂપછાંવનાં પાઠો પણ ભણાવી જાય છે, જે આપણાં વ્યક્તિત્વને ઘડે છે.

જીવન એટલે ખાટાં મીઠાં અનુભવો. મિત્રો,એજ તો જીવન જીવવાની મજા છે.જો આપણે આ અનુભવો કે કસોટીઓમાંથી શીખીને અને જીવનનાં દરેક પાસાંનો અનુભવ કરીને આગળ વધીએ તો જીવન ખરેખર ખૂબ જ સુંદર અને જીવવાલાયક બનેછે.સુવર્ણ તપીને જ શુધ્ધ થાય છે.હીરા કોલસાની ખાણમાંથી મળે છે.કમળ કાદવ વચ્ચે અને ગુલાબ કંટકો વચ્ચે ખીલે છે.નદી પહાડ પરથી નીકળી અનેક અડચણો વચ્ચેથી માર્ગ કરીને સાગરને મળે છે.ધરતી પર હળ ચાલેછે, ત્યારે જ મબલખ અનાજ પાકે છે. આમ દરેક સુંદર, કીંમતી કે ઉપયોગી ચીજોને ધૂપછાંવનો અનુભવ કરવો જ પડે છે.

આપણે મનુષ્ય વિચારશીલ છીએ.જો દરેક પરિસ્થિતિમાંથી કાંઈક શીખી, સકારાત્મક વલણ અપનાવી વ્યક્તિત્વને વિકસાવીએ તો જીવનનો સાચો આનંદ માણી શકીએ.બાકી એકધારા જીવનનો શું અર્થ ?

' ધૂપ છાંવ' એકરીતે વિરોધાભાસી હોવાં છતાં એકમેક નાં પૂરક છે તે જ રીતે આપણે પણ વિરોધાભાસ વચ્ચે પરિવાર તેમજ સમાજમાં એકમેકનાં પૂરક બનીને જીવન જીવવાનો સાચો સંતોષ લઈએ. જીવનને અર્થસભર બનાવીએ.

ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'

NOG SS NO:004
વિષય:ધૂપછાંવ
પ્રકાર: લેખ
શબ્દ: ૩૫૦
શીર્ષક: ગતિચક્ર

જીવનનાં ત્રણ માર્ગ બાળપણ, યુવાની અને ઘડપણ, ત્રણ અવસ્થા કહો તો પણ કંઈ ખોટું નથી. માનવ જન્મ્યો નર રૂપે કે નારી રૂપે કે પછી નાન્યતર રૂપે કે જેને અનેક નામ મળ્યાં. કંઈ નવું નથી કોઈનાં જીવનમાં. મહેલ હોય કે, પાકું મકાન હોય કે ઝૂંપડી હોય કે ફૂટપાથ. જન્મ તો માનવ રૂપે કે પશુ-પંખી રૂપે લે જ છે એક ગતિચક્રમાં જીવ.

શરૂ થાય છે મુલાયમ કે સંઘર્ષમય જિંદગી.દિવસ રાત્ર ઢળતાં રહે છે. સૂરજ ચાંદ સાક્ષી ભરતાં રહે છે. નદી
નાળા, સમુદ્ર કે સરોવર , લીલાં ખેતરો કે સૂકા રણ તેમાં સાક્ષી બનતા રહે છે.હિમાલયમાં જન્મેલો રણની કલ્પના કરે ને રણમાં જન્મેલો હિમાલયની. સંતોષ ક્યાં હોય છે?
આ સૃષ્ટિનાં જીવને?

માનવી જન્મતાની સાથે રડતો જ જન્મે છે ને? તે ગર્ભની નાળ કપાય કે તરત જ ગર્ભનાં કવચને ભૂલે છે. દુનિયાનાં દિવસે જન્મતા તડકાને ઓળખે છે ને રાત્રે જન્મતા ચાંદને ઓળખે છે. બાળપણની ડગર પર મહેલમાં જન્મ લેનારને કોઈ ધૂપ સહન કરવાની નથી રહેતી.ત્યાં તો તે પાણી માંગતા દૂધ મેળવે છે. સામાન્ય બાળક પરિસ્થિતિને અનુકૂળ થઈ ઘૂંટડામાં સંતોષ માને છે.ઝૂંપડીમાં સંચરતો બાળ ક્યારેક ક્યારેક શાતા મેળવી લેતો હોય છે જ્યારે ફૂટપાથ પરનો બાળ અમુલ ડેરીની દુકાનની છાંવમાં રહીને પણ પ્લાસ્ટિક બેગનું દૂધ પામી શકતો જ નથી.

આમ સંસ્કાર પડતાં જાય છે, પણ થોડા સમયમાં જેને ભાગ્ય કહીએ છે તે કરવટ બદલે તો બધું જ ઉથલ- પાથલ થઈ જાય છે. કોઈ ધૂપ અનુભવે છે તો કોઈ છાંવ.
ક્યારેક ઉંચે ચમકતો સિતારો પછડાય છે ને ઝૂંપડીમાં રહેતો સંઘર્ષ કરી વિકાસ કરી ચારમાં પૂછાતો થઈ જાય છે. જેમ જંગલમાં ફરતાં પ્રાણી અને સરકસનાં પ્રાણીમાં ફરક પડે છે.રાજાનો હાથી ને મહાવતનો હાથી અનુભવે છે તેમ!

ઘડપણ આવતાં બાળપણ યાદ આવે છે. કુટુંબ કબીલો વિખરાયો હોય છે ને એકલતા ડરાવે છે ત્યારે ખરી ધૂપ છાંવની ઓળખ મળે છે. ત્યાં આ ત્રિભેટો રચાય છે . જિંદગી આવી જ છે મિત્રો જો છે તો આટલું કેમ? આનાથી વધુ કેમ નહિ? આ લાલસા ધૂપ છાંવનો મેળાપ કરાવી દે છે. એ આવે છે જરૂર , કોઈને નથી છોડતી. એ યાદ રાખશો તો જરૂર ત્રણે માર્ગે સંતોષ સાથે હશે તો તડકી છાંયડી વિતી જશે, પણ અસંતોષ રાખશો તો ત્રિભેટે જ ગતિચક્રનાં વમળમાં જ જિંદગી પૂર્ણ થશે

માનવ એક જ સ્વરૂપ એવું છે જે આ ધૂપ-છાંવનાં ચક્રને ઓળખી શકે છે. પુરુષાર્થ કરે તો બન્નેનું સમાનપણું સાચવી શકે પણ પ્રારબ્ધને રડે તો કદાચ બન્નેમાંથી છૂટકારો નહિ જ પામી શકે. તેથી જ કહેવાયું છે..
અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ ?
પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકે અશુચૌ ?
અસ્તુ...

જયશ્રી પટેલ..

NOG SS No : 0082,
વિષય : ધુપ છાંવ,
પ્રકાર : પદ્ય ,
શીર્ષક : સૃષ્ટિનું સૌંદર્ય,

સોનેરા સપનાનાં આલિંગનમાં ધૂપ-છાંવ નીકળી પડ્યાં,
અનેરી સાસ ચૂકીને શમણાંમાં
મોતીઓ વિખેરાઈ ગયાં,
ગગનમાં પહોંચી ગયાં એ શબ્દો
ચાંદની છાંયે જઈ બેસી ગયાં,
ઉગમણી ધૂપનાં કિરણો જોઈને
મસ્ત મજાનાં સ્વપ્નો ઉગી ગયાં,
પર્વતોની વચ્ચેથી દેખાતા એ ધૂપ,
મંદ જળનાં મોજાને સ્પર્શી ગયાં,
ઘટાદાર વૃક્ષોની સમીપ છાયામાં,
લહેરખી પવનની શીતલ બની,
ગગનથી વરસે ધૂપનો તાંડવ
છાંવ બની અમીરસ બની ગયો.

ડો અનિરુદ્ધ વ્યાસ

NOG SS.No.0098
વિષય:- ધૂપ છાવ
પ્રકાર:- પદ્ય
શીર્ષક:- વડીલો નું સ્નેહ

દોસ્તો , બધાના જીવનમાં સુખદુઃખ ધુપ છાવ ની જેમ આવે જ છે અને દુઃખના સમયે તો વડીલોનું સ્નેહ અને આશીર્વાદની તો બહુ જરૂર હોય છે.જીવનમાં દુઃખના સમયે વ્યક્ત કર્યાનો સ્નેહ .....
પાણીને બરફમાં બદલવા સમય લાગે છે
ઢળતા સૂરજને નીકળવા સમય લાગે છે
જરાક ધીરજ ધર જરાક જોર લગાવતો રહેજે હો,
કિસ્મતના કાટ લાગેલા દરવાજાને ખુલવામાં વક્ત લાગે છે.
જરીક વાર ઊભો રહીને ફરી ચાલતો થયો જે મારા વહાલા, ઠોકર ખાધા પછી સંભળવામાં વક્ત લાગે છે.
તૂટી ગયેલા મનને સંવારવામાં થોડોક તો સમય લાગે છે.
જીવનમાં ખુશી આવશે ને આવશે જ જરાક ધીરજ ધરીને ઈંતજાર કર જો,
જીવનમાં દુઃખ દર્દ ધૂપ છાવ જેવા છે ,
એણે ટળવામાં સમય તો લાગે જ છે ....લાગે જ છે ....લાગે જ છે.....

લીના શર્મા..હાલોલ.

NOG SS No : 114
વિભાગ : ગદ્ય
શબ્દ : ધૂપ છાંવ
શીર્ષક: મા નો પ્રેમ
શબ્દ સંખ્યા-૧૬૮

રચના- જનનીની જોડ સખી નહી જડે રે લોલ.
જિંદગીમાં ધૂપ છાંવ તો આવ્યા રાખે ,પણ આ સંસારમાં એક જ મા એવી છે જે પોતાની મમતા સુખ હોય કે દુઃખ સતત વરસાવ્યા કરે છે એટલે જ કહેવાય છે,મા તે મા બીજા બધા વગડાના વા. મા નસીબવાળાને જ મળે છે.

આ જગતમાં કોઈ બીજી વ્યક્તિ મા ની તોલે ક્યારેય ન આવી શકે. કોઈ વ્યક્તિ આપણને નાનકડી મદદ કરે તોય આપણે એને તરત આભાર કહીએ છીએ. પણ મા પોતાની આખી જિંદગી આપણા માટે ખર્ચી નાખે છે. પણ મા ક્યારેય અપેક્ષા નથી રાખતી કે પોતાના સંતાનો આભાર વ્યક્ત કરે ,મા નિસ્વાર્થ સ્નેહ અને પ્રેમ વરસાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે મા ના પ્રેમ ને પામવા આ ધરતી પર જન્મ લીધો હતો. અને માના ખોળામાં પ્રેમ મેળવ્યો હતો.
મા આ જગતમાં તારા જેવું કોઈ નથી. તારી મીઠી છાંયામાં મને હરહંમેશ રાખજે. મા મને દુનિયાના ધુપની પરવા નથી .કારણ તારી અમી ભરી વર્ષા સદાય મારા પર વરસતી રહે છે.

કથીરીયા પ્રવિણા "પવી".નવસારી.

નવનિર્મિત પાટણ કેન્દ્રીય વિદ્યાલય પાસે નાળું અને સંરક્ષણ દિવાલ બનાવવા લોકસભાના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી ને રજુઆત

કે.કે.ગર્લ્સ હાઈસ્કુલ કેમ્પસમાં હાલમાં કેન્દ્રીય વિદ્યાલય, પાટણ કાર્યરત છે. પાટણ ખાતે શિહોરી ચાર રસ્તા પાસે ચોરમોરપુરા વિસ્તારમાં કેન્દ્રીય વિદ્યાલય, પાટણ નું નવિન બિલ્ડીંગ તૈયાર થઈ ગયેલ છે પરંતુ નવનિર્મિત કેન્દ્રીય વિદ્યાલય, પાટણ ભવન ના મધ્ય ભાગે એક નાળું આવેલ છે. જે નાળું બનાવવા તેમજ નાળાની સરંક્ષણ દિવાલ બનાવેલ ના હોવાથી કે.કે.ગર્લ્સ હાઈસ્કુલ કેમ્પસ થી નવનિર્મિત કેન્દ્રીય વિદ્યાલય વિદ્યાલય તબદીલ થઈ શકી નથી આ બાબતે કેન્દ્રીય વિદ્યાલય, પાટણ દ્વારા ભારત સરકારની નેશનલ પ્રોજેક્ટ કન્સ્ટ્રકશન કોર્પોરેશન લીમીટેડ ને પણ દરખાસ્ત કરેલ છે તેમજ કલેકટરશ્રી, પાટણ ને પણ જાણ કરેલ છે. હાલમાં કે.કે.ગર્લ્સ હાઈસ્કુલ કેમ્પસમાં કેન્દ્રીય વિદ્યાલય, પાટણ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ નો અભ્યાસક્રમ પણ ચાલુ થઇ ગયેલ છે. જો ચાલુ વર્ષે નવનિર્મિત કેન્દ્રીય વિદ્યાલય, પાટણ ભવન ના મધ્ય ભાગે એક નાળું તેમજ નાળાની સરંક્ષણ દિવાલ સત્વરે બનાવવામાં આવે તો શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી નવનિર્મિત કેન્દ્રીય વિદ્યાલય,પાટણના વિધાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ લાભ લઇ શકે તેમ છે. સાંસદ ડૉ.કિરીટભાઇ સોલંકી એ પાટણના વિકાસ માટે પાટણ રેલ્વે સહિત અનેક વિકાસ કાર્યો કરેલ છે. નવનિર્મિત કેન્દ્રીય વિદ્યાલય, પાટણ ભવન પાસેનું નાળું બનાવવા તેમજ નાળાની સરંક્ષણ દિવાલ બનાવવા પાટણ નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા એ રજુઆત કરી છે.

તખુભાઈ સાંડસુર શિક્ષણ-સદ્વૃતિનો આધારસ્તંભ :પુ.ભક્તિરામબાપુ આચાર્ય વિદાય સમારંભમાં ઉદ્યોગપતિઓ ચાર્ટર ફ્લાઈટથી વતન પહોંચ્યા

ભાવનગર

ગારિયાધારના વેળાવદર ગામે શનિવારે યોજાયેલાં શિક્ષણવિદ્ તથા અનેકવિધ ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપનારાં આચાર્ય તખુભાઈ સાંડસુરના વિદાય સમારંભમાં સુરતના વતનપ્રેમી ઉદ્યોગપતિઓ ચાર્ટર ફ્લાઈટથી અમરેલી આવી વેળાવદરમાં સમારોહની શોભા બન્યાં હતાં.તેઓએ એક શિક્ષકની ગરીમા કેટલી ઊંચી હોય તેનો સમગ્ર સૌરાષ્ટ્રને પરિચય કરાવ્યો હતો.

વિગતો મુજબ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામના વતની અને ત્યાં જ માધ્યમિક શાળાના આચાર્ય તરીકે ૨૯ વર્ષ સેવા આપનારાં શ્રી તખુભાઈ સાંડસુરનો વિદાય સમારંભ તેમની ષષ્ઠીપૂર્તિના નામકરણ સાથે ગત શનિવારના રોજ વેળાવદરની કાણકિયા પારેખ હાઈસ્કુલમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્યો શ્રી પ્રતાપભાઇ દુધાત અને કેશુભાઇ નાકરાણીએ જણાવ્યું કે શ્રી તખુભાઈ સાંડસુર વૈવિધ્યસભર પ્રતિભા ધરાવે છે.તેઓએ વર્ષો સુધી આપેલી શૈક્ષણિક સેવા માટે આવો દૈદિપ્યમાન સમારોહ યોજાયો તે તેની કાર્યશૈલીનો પડઘો છે. આ ગામને તેથી અભિનંદન આપીએ છીએ.તેઓ ભવિષ્યમાં સમાજના કલ્યાણ માટે કાર્યરત રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરીએ.

સુરત સ્થિત ઉદ્યોગપતિઓએ સર્વશ્રી કાળુભાઈ ગોળવિયા, શ્રી અશોકભાઈ ભંડેરી શ્રી ઘનશ્યામભાઈ ભંડેરી અને શ્રી પ્રવિણભાઇ લખાણી સ્પે.ચાર્ટર પ્લેનમાં પોતાનાં વતન વેળાવદરમાં આ વિદાય સમારંભમાં હાજર રહેવાં અમરેલી ઉતરી જમીનમાર્ગે કાર્યક્રમમા પહોંચી સમાપન પછી વિદાય થયાં હતાં.શ્રી મગનભાઈ ભંડેરી, શ્રી રમેશભાઈ ગોળવિયા,શ્રી ગોકુળભાઈ ગોળવિયા,શ્રી રમેશભાઈ દિયોરા સહિતના અનેક ઉદ્યોગપતિઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.શાળા સંવાહકો શ્રી રમણિક ભાઈ ભંડેરી,શ્રી હિંમતભાઈ ઢોલરિયા, શ્રી અનિલભાઈ કાણકિયા પણ વિશેષ હાજર હતાં.

કાર્યક્રમમાં જાહેરાત કરવામાં આવી કે આગામી દિવસોમાં શાળાની જરૂરિયાત માટે અમો તત્પર છીએ.શાળાની ભૌતિક જરુરિયાત માટે સાત લાખ જેટલું ફંડ ઉભું થયું હતું.એટલું જ નહીં તાળીઓથી સભાગૃહ ગુંજી ઉઠ્યું કે જ્યારે જાહેરાત થઈ કે આવતાં વર્ષે ૨૧ દિકરીઓના સમુહલગ્ન માનવતાના આધારે ઉધોગપતિઓ શ્રી ઘનશ્યામભાઈ ભંડેરી તથા શ્રી અશોકભાઈ એમ.ભંડેરી કરાવી આપશે. આ જાહેરાતોને સૌએ તાળીઓથી વધાવી લીધી અને તેમના ગામ પ્રત્યેના વતનપ્રેમને સર્વેએ શત શત વંદન કર્યા. કાર્યક્રમમાં આશીર્વચન આપવાં માટે ઉપસ્થિત સાવરકુંડલા માનવ મંદિરના પુ.શ્રી ભક્તિરામબાપુએ સંસ્કારો પર ભાર મૂકીને તખુભાઇની શૈક્ષણિક સેવા માટે તેમને બિરદાવી કહ્યું કે માણસ જે કાર્ય કરે છે તેનું પરિણામ આપણાં સંતાનોની તેજસ્વીતામાં દેખાય છે.જુઓ તખુભાઈનુ પરિવાર સામે જ ઉદાહરણ. તખુભાઈ સાંડસુરે પોતાના જીવનમાં ક્ષમા માગવી અને ક્ષમા આપવી તથા અપેક્ષા ઓછી અને કોઈની ઉપેક્ષા નહીં એ વાતને જીવનમંત્ર બનાવીને આગળ વધ્યાં હોવાનું જણાવ્યું તેમણે કહ્યું કે મને ગૌરવ છે કે મારાં પાસે શિક્ષિત, દીક્ષિત થયેલાં વિદ્યાર્થીઓ આજે વિવિધ ક્ષેત્રોમાં ખૂબ મહત્વનું પદાર્પણ કરી રહ્યાં છે.ગામની વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓએ શ્રી તખુભાઈ સાંડસુરનું બહુમાન કર્યું. સ્મરણિકા ગ્રંથ પમરાટનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.સમારોહની પૂર્વ સંધ્યાએ લોકડાયરાનું પણ આયોજન થયું હતું. જેમાં અનિલ વંકાણી વર્ષા બગથરિયા,ધરમ વંકાણી અને જીગ્નેશ કુંચાલાએ લોકસાહિત્યની રસલ્હાણ પીરસી હતી.આ ડાયરામાં શ્રી સુધીરભાઈ વાઘાણી,શ્રી સાગરભાઈ ડાભિયા ઉપસ્થિત હતાં. આભાર વિધિ શ્રી કિરણભાઈ પાંધીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી કમલેશભાઈ ઉપાધ્યાયે સંભાળ્યું હતું.અશોકભાઈ જોગાણી વાલજીભાઈ હુલાણી, જીતુભાઈ આહીર અને કૈલાસબેન બગડા અને ભીખુભાઈ,નાજભાઈ, જગુભાઈ સહિત અનેક લોકો આ કાર્યક્રમની સફળતાના સેનાનીઓ તરીકે સેવા આપી હતી.

વય નિવૃત થયા સરકારી ઘટક સંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું

(બનાસકાંઠા બ્યુરો સમાચાર)

છેલ્લા ૩૫ વરસ થી સરકારી ક્ષેત્રે ફરજ બજાવતા શ્રી લાભે?ભાઈ સેવક વય નિવૃત્ત થતા ગુજરાત રાજય સરકારી શિક્ષક સંઘ (ઘટક બી.કે)ઉપક્રમે શ્રી લાભે?ભાઈ નું સન્માન પત્ર સાથે નિવૃત જીવન ની શુભેચ્છાઓ પાઠવતા શ્રી શશીકાંતભાઈ પંડ્યા તેમ જ જિલ્લા શિક્ષણાધિકારી અધિકારી શ્રી ચાવડા સાહેબ સરકારી વિવિધ સ્કૂલો મા શિક્ષક તરીકે આચાર્ય તરીકે તેમજ ડીઈઓ ઓફિસ પાલનપુર મા એ.ઈ.આઈ તરીકે ફરજ બજાવેલી છે. ડીઈઓ ઓફિસ માં એક પ્રમાણિક અધિકારી ની છાપ ધરાવતા લાભે?ભાઈ સમગ્ર જિલ્લા મા આદરણીય સ્થાન ધરાવે છે વિવિધ તાલુકાઓ માં એક્ સારા લાઈઝન અધિકારી તેમજ વિવિધ જાહેર પરીક્ષા મા ઝોનલ અધિકારી તરીકે ઉત્કૃષ્ટ સેવા બજાવેલી છે . વાવ થરાદ સૂઈગામ ભાભર જેવા આંતરિયાળ તાલુકા મા નવી સરકારી તેમજ આર.એમ.એસ.એ હાઈસ્કૂલ શરૂ કરવા મા પાયા ની ભૂમિકા ભજવેલી છે.વય નિવૃત્ત થતા ઘટક સંઘ દ્વારા તેમનું શ્રેષ્ઠ સન્માન કરવામાં આવ્યું હતું.

કોલેજ રોડ પરના અંડરબ્રિજ ના કપચી ઉખડી ગયેલા આરસીસી માર્ગનું રીપેરીંગ કામ રેલવે વિભાગ દ્વારા શરૂ કરાયું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

કોલેજ રોડ ઉપર રેલવે વિભાગ દ્વારા બનાવવામાં આવેલ અંડરબ્રિજ નાં આરસીસી માર્ગે પરની કપચી ઉખડી જતાં અંડરબ્રિજ માંથી પસાર થતાં વાહનચાલકો માં અકસ્માતની સંભાવના ઉભી થવા પામી હતી. તો આ માર્ગે પરથી પસાર થતા કેટલાક ટુ વ્હીલર ચાલકો સ્લીપ ખાતા તેઓને નાની મોટી ઈજાઓ થવા પામી હતી ત્યારે આ બાબતે શનિવારના રોજ નગરપાલિકાના સ્વચ્છતા શાખા ચેરમેન ગોપાલ સિંહ રાજપૂત દ્વારા રેલવે અંડરબ્રિજ નાં આરસીસી માર્ગે ને રિપેર કરવા રેલવે સતાધીશો ને રજુઆત કરી અંડરબ્રિજ ની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.તો રજુઆત નાં પગલે રેલવે સતાધીશો દ્વારા અંડરબ્રિજ નાં આરસીસી માર્ગે નું રિપેરીગ કામ હાથ ધરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ખુબજ દુ:ખદ સમાચાર

જી. એન . મેવાડા સાહેબ જેઓ બાંધકામ શાખા ના પાલનપુર સબ ડીવીજન ના ડેપ્યુટી ઈજનેર હતા તેઓ શ્રી નું અચાનક હાર્ટ એટેક ને લીધે અવસાન થયું છે . હંમેશા દરેક કામ માં તત્પર રહેવા વાળા મેવાડા સાહેબ આપણી વચ્ચે નથી રહ્યા ઈશ્વર તેમના આત્મા ને શાંતિ આપે તથા તેમના પરિવાર પર આવેલ આફત માં થી પસાર થવા ની શક્તિ આપે એવી ઈશ્વર પાસે પ્રાર્થના કરવા દરેક ને વિનંતી છે.

શ્રદ્ધાંજલિ

આજ રોજ શિક્ષણ સેવા વર્ગ - ૧ (વહીવટી શાખા)ના નિયામક કેડરના અધિકારી આદરણીય બહેન નુતનબેન રાવલનું દુઃખદ અવસાન થયું છે, આ અત્યંત આઘાતજનક અને પીડાદાયક ઘટના છે. માં જગદંબા જગતજનનીને તેઓના પરિવારના સૌ સભ્યોને આ આઘાત જીરવવાની શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના છે.

શિક્ષણ સેવા વર્ગ-૧ (વ.શા.)ના સૌ અધિકારીઓ

ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા આયોજીત ઓનલાઇન કવિ સંમેલન

૮મે ૨૦૨૨ રવિવારના આંતરરાષ્ટ્રીય મધર ડે પાવન અવસર પર ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ઓનલાઈન કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત નવ વાગ્યે કરવામાં આવી. મુખ્ય અતિથિ તરીકે દિલ્હીમાંથી શ્રીમતી ડો સીમા મોહન ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના સરસ્વતી વંદના રાજસ્થાનથી સ્વાતિ જેસલમેર બહેન એ કરાવી હતી. બંને મહાનુભાવોનો પરિચય ડૉ. અધ્યક્ષ શૈલેષ વાણીયા શૈલ દ્વારા આપવામાં આવ્યો હતો. મધર ડે આરતી તિવારી સનત દિલ્હીથી સમજાવ્યું હતું આવકાર નિલેશ રાઠોડ દ્વારા દીપ પ્રાગટ્ય મહેમાનશ્રીઓ દ્વારા પુષ્પવર્ષા મધુબેન રાઠોડ દ્વારા મંચ સહયોગ પ્રીતિ પરમાર પ્રીત દ્વારા નવ વાગે શરૂ કરવામાં આવેલો આ કાર્યક્રમ ૧૧ વાગ્યે પૂર્ણ કરવામાં આવ્યો whatsapp {ચ ખીચોખીચ ૨૫૭ થી ભરેલો હતો ઓનલાઇન કવિ સંમેલન ની અંદર દિલ્હી, રાજસ્થાન, બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, પંજાબ હરિયાણા, ગુજરાત નામી અનામી હિન્દીભાષી રાજયોના કવિ મિત્રોએ પોતાની રચના મંચ પર મૂકી હતી. આભારવિધિ વીણાબેન અમીન ગુજરાત શિક્ષિકા દ્વારા કાર્યક્રમની અંતે સુંદર ડિજિટલ પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું કુલ ૪૧ કવિ મિત્રોએ પોતાની રચનાઓ મંચ પર મૂકી હતી . રાષ્ટ્રગાન નયના પ્યાસી વડોદરા દ્વારા કરાવવામાં આવ્યું ભારત માતાના જય નાદ સાથે છુટા પડ્યા અધ્યક્ષ શ્રીનો આભાર મુખ્ય અતિથિ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો.

પાટણ પંથકના ચોક માં સંત શ્રી સદારામ બાપુ ની વિશાળ પ્રતિમા પ્રસ્થાપિત કરવા સી આર પાટીલનું આહ્વાન

પોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ટશ્રી ક્ષત્રિય ઠાકોર સમાજ પાટણ સમૂહ લગ્નોત્સવ સમિતી દ્વારા કોઈટા મુકામે સમુહ લગ્નોત્સવ ૨૦૨૨ યોજાયો..

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના કોઇટા મુકામે શ્રી ક્ષત્રિય ઠાકોર સમાજ પાટણ સમૂહ લગ્ન સમિતિ દ્વારા સમૂહ લગ્નોત્સવ ૨૦૨૨ રવિવારના શુભ દિને ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી. આર. પાટીલ ના અધ્યક્ષ સ્થાને ઠાકોર સમાજ નાં રિત રિવાજ મુજબ હર્ષોલ્લાસ પૂર્ણ વાતાવરણમાં યોજાયા હતા.

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના કોઇટા ગામે ક્ષત્રિય ઠાકોર સમાજ ના સમૂહ લગ્નોત્સવ માં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી આર પાટીલ ઉપસ્થિત રહી ૫૩ નવદંપતી ને આશીર્વાદ આપી આયોજકોને પણ અભિનંદન પાઠવ્યા હતા તેમણે વ્યક્તિગત ૨.૫૧ લાખ રૂપિયા સમુહ લગ્ન પ્રસંગે દાનમાં આપ્યા હતા.

ઉપરાંત ઉત્તર ગુજરાતના સંત સદારામ બાપા કે જેમણે સમાજમાં વ્યસનમુક્તિ માટે સમગ્ર જીવન પર્યંત કામ કર્યું હતું તેમની યાદમાં પાટણ પંથકના કોઈ ચોકમાં તેમની પ્રતિમા મુકાઈ તેવી ઈચ્છા પ્રગટ કરી તેના માટે તેઓએ પણ મદદરૂપ બનવાની ખાતરી આપી હતી.

સમૂહ લગ્નોત્સવ માં ભાજપ ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર, પાટણ જિલ્લાના ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર, મંગાજી ઠાકોર, ઉમેદજી ઠાકોર વગેરે રાજકીય, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી ક્ષત્રિય ઠાકોર સમાજ પાટણ દ્વારા આયોજિત સમૂહ લગ્નોત્સવ પ્રસંગે ભોજન નાં દાતા તરીકે ડેર ગામના ઠાકોર સમાજના યુવા આગેવાન મંગાજી ઠાકોરે લ્હાવો લીધો હતો તો ગુજરાત રાજ્ય જીઆઈડીસી નાં પૂર્વ ચેરમેન બલવંતસિંહ રાજપૂતે સમૂહ લગ્નોત્સવ પ્રસંગે સમૂહ લગ્નોત્સવ સમિતી ને રૂ.૨.૫૧ લાખ નું માતબર દાન આપ્યું હતું.

અંબાજી મંદિરને પ્રસાદની ગુણવત્તા માટે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ‘‘BHOG’’ પ્રમાણપત્ર અપાયું

(બનાસકાંઠા બ્યુરો)

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના પ્રસાદની ગુણવત્તા માટે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને અંબાજી મંદિરમાં દર્શનાર્થે આવતા માઇભક્તોને આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તા બાબતે “BHOG’’ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

તાજેતરમાં જ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટર શ્રી આનંદ પટેલને અંબાજીના વિકાસ માટે શ્રેષ્ઠ યાત્રાધામ પ્રવાસન વિકાસનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો અને હવે અંબાજી મંદિરના પ્રસાદની ગુણવત્તા માટે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. જેનાથી યાત્રધામ અંબાજીની યશકલગીમાં ઉમેરો થયો છે. માતાજીના દર્શનાર્થે આવતા માઇભક્તોને સારી ગુણવત્તાવાળો પ્રસાદ આપવા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ કટીબધ્ધ છે.

તાજેતરમાં ગુજરાત સરકારના ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા અંબાજી મંદિર ખાતે બનાવવામાં આવતા પ્રસાદ અંગે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત થર્ડ પાર્ટી ઓડિટ એજન્સી દ્વારા તપાસણી કરી અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો હતો. જેના સંદર્ભે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા “BHOG’’ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

હારીજ ખાતે આવેલ સર્વોદય સ્કૂલ માં ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થતા વાલીઓએ મચાવ્યો હોબાળો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

હારીજ ખાતે આવેલ જે.એમ પ્રજાપતિ સર્વોદય સ્કૂલ નું પરિણામ જાહેર થતાંની સાથે જ ધોરણ ૯તથા ૧૧ના વિદ્યાર્થી ૧૮૦ જેટલા મળી નાપાસ થતાં વિદ્યાર્થીઓના વાલીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો

જિલ્લાના હારિજ ખાતે આવેલ સર્વોદય સ્કૂલ ની અંદર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ત્યારે ધોરણ ૯થી ૧૧ ના મળી કુલ ૧૮૦ વિદ્યાર્થીઓ નાપાસ થતા વાલીઓએ સ્કુલમાં ભારે હોબાળો મચાવ્યો હતો તેમ જ સ્કૂલ પર આક્ષેપો લગાવે ફેલ થયેલ વિદ્યાર્થીઓ ના પેપર રી ચેકિંગ કરવા વાળી દ્વારા ઉગ્ર માગ કરવામાં આવી હતી કોરોના કાળમાં વિદ્યાર્થીઓ સમયસર સ્કૂલમાં અભ્યાસક્રમ પૂર્ણ ન કરી શકે હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે માસ પ્રમોશન કરવામાં આવે તેવી સરકાર પાસે માગ કરવામાં પણ આવી હતી આ બાબતોને લઇ વધુમાં છે એને પ્રજાપતિ હાઈસ્કુલના પ્રિન્સિપાલે મિડિયા સમક્ષ જણાવ્યું હતું કે અમારી જવાબદારી સમજી ફરીવાર પેપર રીચેકિંગ થાય તેવું અમે વાલીઓને હૈયાધારણા આપી છે તેમજ સરકારશ્રી સમક્ષ પણ રજૂઆત કરીશું.

અમદાવાદ જિલ્લા કલેકટરશ્રીના હસ્તે પાકિસ્તાનથી આવેલા ૧૭ હિન્દુ શરણાર્થીઓને નાગરિકતાપત્ર એનાયત કરાયા

અમદાવાદ કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલેના હસ્તે પાકિસ્તાનથી આવેલા ૧૭ હિન્દુ શરણાર્થીઓને નાગરિકતાપત્ર એનાયત કરવામાં આવ્યા. આ અવસરે જીલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલેએ લાભાર્થીઓ સાથે ભાવપૂર્ણ સંવાદ સાંધ્યો અને તેમણે લાભાર્થીઓને શિક્ષણ અને કારકિર્દી સંબધિત પ્રશ્નો પૂછ્યા હતા અને સાંત્વના આપી હતી. આ અવસરે લાભાર્થી શ્રી સવામલએ કલેકટર શ્રીને નમન કરીને કહ્યું કે કલેકટર સાહેબ ! અમે ભારતમાં શાંતિનો મહેસુસ કરીએ છીએ. અહી ઉપસ્થિત રહેલા લાભાર્થીઓએ નાગરિકતા પત્ર આપવાની પ્રક્રિયામાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રની અધિકારીઓએ દાખવેલી ત્વરા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

અહીં મહત્વની બાબત એ છે નાગરિકતા અધિનિયમ પ્રમાણે ૭ વર્ષથી એક જ સ્થળે રહેતા વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે. આ વેળાએ અધિક નિવાસી કલેકટર શ્રી પરિમલ પંડ્યા અને અગ્રણી શ્રી મેઘરાજભાઈ તેમજ રાજેશભાઈ મહેશ્વરી સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે નોંધનીય છે કે, રાજ્ય અને કેન્દ્રની આઈ.બી. ટીમ દ્વારા યોગ્ય ચકાસણી થયા બાદ તેઓને સ્વીકાર પત્ર એનાયત કરવામાં આવે છે. જેને આધારે બાકીના નિયમોનુસાર જરૂરી પૂરાવા રજૂ કર્યા બાદ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આખરી નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૮ ના ગેઝેટથી ગુજરાત રાજયમાં અમદાવાદ, ગાંધીનગર અને કચ્છ જિલ્લા કલેક્ટરશ્રીને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાની લઘુમતિ ધરાવતા(હિન્દુ, શીખ, બૌધ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી) ધર્મના લોકોને નાગરિકતા અધિનિયમ અંતર્ગતની પ્રક્રિયા અનુસરીને ભારતીય નાગરિકતા આપવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.